Price : 5/-
Total Page : 32

# જાગૃતિ સંદેશ

## JAGRUTI SANDESH

Vol 17 Issue No. 9 - Mumbai SEPTEMBER 2017

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



# FURNISTAA™

furnishings et al...



• Sheer Curtains • Main Curtains • Upholstery Fabrics • Outdoor Fabrics
• Roman Blinds • Roller Blinds • Bed Linens • Bath Linens

## Open on all days till Diwali

5 minutes away from Powai | AMPLE RESERVED PARKING AVAILABLE.

Shop No. 4, Kailas Corporate Lounge, Next to HDFC Bank, Veer Savarkar Road, Vikhroli Park Site,
Hiranandani-Vikhroli Link Road, Near Kailas Complex, Vikhroli (West), Mumbai - 400079.

*T&C Apply

Monday Closed

022 2518 5555 | sales@furnistaa.com | www.furnistaa.com | @furnistaa

(Advt.)

# જૈન જાગૃતિ સેન્ટર
## સેન્ટ્રલ બોર્ડ
## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

### : ટ્રસ્ટીઓ :

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### : ઈન્વાયટી :

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર

નૂતન વર્ષાભિનંદન... સાલમુબારક... આપનું આગામી ૨૦૭૪નું વર્ષ આપ સર્વે માટે સુખમય... શાંતિમય... સંતોષમય રહે તેવી શુભેચ્છા સાથે અભ્યર્થના.

'અચ્છે દિન આનેવાલે હૈ'ના સંકેત મળી રહ્યા છે.

લો, દિવાળી આવી પણ ગઈ! હજી ૨૦૧૬ની દિવાળીનાં સ્મરણો વાગોળીએ છીએ ત્યાં તો ૨૦૧૭ની દિવાળી આવી પણ ગઈ. દિવસ ઊગે અને ક્યારે ખતમ થઈ જાય એની ખબર ન પડે એવી જ રીતે વરસ ક્યારે વીતી ગયું તે પણ ખબર પડી નહીં. આનું કારણ આપણી લાઈફસ્ટાઈલ ખૂબ જ ઝડપી બની ગઈ છે.

ઉચ્ચ શિક્ષણ સહાય યોજના અંતર્ગત ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૭થી નવા ફૉર્મ લેવાનું બંધ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૪૦૦ વિદ્યાર્થીઓને લગભગ રૂપિયા ૫.૫ કરોડ જેટલી સહાય અપાઈ ચૂકી છે અને હજી લગભગ '૨૫૦' જેટલા ફૉર્મને સહાય આપવાની બાકી છે. ટૂંક સમયમાં આ પ્રક્રિયા પૂરી કરવામાં આવશે. આપણે ત્યાં કોઈ પણ વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે ઈન્ટરવ્યૂ લીધા વગર આપણે સહાય કરતા નથી અને ઈન્ટરવ્યૂ લેતી વખતે ખાસ ધ્યાન રાખવામાં આવે છે કે વિદ્યાર્થી-વડીલોનું સન્માન જળવાય. હજી થોડાં ફંડની જરૂરિયાત છે, તો જે કોઈ સભ્યોએ પોતાના સેન્ટરમાં ફાળો લખાવ્યો ન હોય તેવો જરૂરથી લખાવે અને સેન્ટર દ્વારા પહોંચતો કરે. હું આપણા દરેક સભ્યોને વિનંતી કરું છું કે આ અભિયાનમાં ફાળો અચૂક લખાવે.

મુંબઈમાં સેન્ટ્રલ બોર્ડ દ્વારા બનાવેલું 'કલ હો ના હો ઓરકેસ્ટ્રા' સફળ ગયું. તેવી જ રીતે ગુજરાતમાં તે વાપી, ખાતે અત્યંત સફળ રહ્યું અને સભ્યો ઉપરાંત ગામના શ્રેષ્ઠીઓએ પણ આમાં ખૂબ જ સારો સહકાર આપેલ. અમે તે દરેકનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. જે વિદ્યાર્થીઓનું ભણતર પૂરું થઈ ગયું છે તેઓનું ડોનેશનરૂપે રિફંડ પણ વ્યવસ્થિત રીતે આવવાનું શરૂ થઈ રહ્યું છે.

વર્ષ ૨૦૧૭નું ઉચ્ચ શિક્ષણ અભિયાન લગભગ પૂર્ણ થવાને આરે છે, પણ એટલું ખરું કે કસોટી છતાં આ અભિયાન

વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે અને મુકામ પર પણ પહોંચી જાય છે તે માટે મારે દાતાઓનો તો આભાર માનવાનો છે જ, પણ જે.જે.સી. પરિવારના ૬૫,૦૦૦ સભ્યોનો પણ આ સાથે આભાર માનું છું. ઉપરાંત ચાર મહિના બધું ભૂલી જઈને ખડે પગે કામ કરનાર આપણા સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટની કમિટીના સભ્યોને પણ સલામ કરું છું, જેઓના થકી આ અભિયાન પ્રજ્વલિત રહ્યું છે.

'MAKE IN INDIA'ના કથનને પ્રવેગ આપવા સરકાર કટીબદ્ધ થઈ રહી છે ત્યારે આપણા જૈન એન્ટરપ્રિનરો (Entrepreneur)એ સતર્ક થઈ આનો લાભ લેવા તૈયાર રહેવું જોઈએ. આપણાં સંતાનોને કહો કે તેઓ આપણા રક્તસંસ્કારો પ્રમાણે નોકરીની વાત છોડીને મેન્યુફેક્ચરિંગ/બિઝનેસ કરવા તૈયાર થઈ જાય. નોકરી કરવાથી ફક્ત આપણું જ ભલું થશે, જ્યારે બિઝનેસ કરવાથી આપણા આખા સમાજનું ભલું થશે તે ન ભૂલવું જોઈએ. આવેલી દરેક તકને ઝડપી લેવી એ આપણા જીન્સ (Jeans)માં છે. છેલ્લા કેટલાક સમયથી ભણીગણીને નોકરી કરવાનું માનસ Develop થતું હતું તેના પર હવે બ્રેક લગાવવાનો સમય આવી ગયો છે. દીર્ઘદૃષ્ટિ, અનુભવ, બુદ્ધિચાતુર્ય, કૌશલ્ય, વારસાગત ડહાપણ, શિક્ષણ ભળેલું છે તેથી આપણે જરૂરથી બિઝનેસ શ્રેત્રે ચમત્કાર કરી શકશું. આપણાં સંતાનોને કહો કે તેઓ બિઝનેસ માટે જ નિર્માણ થયેલાં છે. જગતમાં યહૂદી પછી બીજા નંબરે જૈન લોકો જ બિઝનેસ માઈન્ડ ધરાવે છે તે સાબિત થઈ ગયેલી હકીકત છે. નહિતર ૦.૫ ટકા વસતિ ધરાવતો સમાજ ૫૦% ઉપરાંત બિઝનેસ પર કાબૂ કઈ રીતે ધરાવે? તે કેવી રીતે શક્ય બને? એમ કહેવાય છે ને કે ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર અમેરિકન હતો, પણ પ્રથમ ઈન્ડસ્ટ્રી શરૂ કરનાર 'ગુજરાતી જૈન' જ હશે.

વિતેલા સપ્તાહમાં માત્ર ભારતમાં જ નહીં બલકે સમગ્ર વિશ્વમાં જો કોઈ ઘટના ચર્ચામાં રહી હોય તો તે છે ભારત અને જાપાનની દોસ્તી. જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે અને ભારતના વડાપ્રધાન મોદી દ્વારા રૂા.૧.૧૦ લાખ કરોડના મહત્ત્વાકાંક્ષી એવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રોજેક્ટ નવા ભારતના નિર્માણ માટેનું પહેલું કદમ છે. આમ, ઊગતા સૂર્યના દેશની સંગાથે ભારતે નવા સૂર્યોદય તરફ પ્રયાણ કર્યું છે તેમ કહી શકાય. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના શ્રી ગણેશ કરવાની સાથોસાથ ભારત-જાપાન વચ્ચે ૧૫ જેટલા એમઓયુ વિવિધ ક્ષેત્રે કરાયા છે. જેના થકી જાપાન ૧.૭ અબજ ડોલરનું મૂડી રોકાણ કરશે. અને તે સાથે જ મોદી સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના 'મેઈક ઈન ઈન્ડિયા' જેને અત્યાર સુધી કોઈ સારો પ્રતિભાવ સાંપડ્યો નહતો તે પણ ધમધમતી થાય તે માટે સરકારે કવાયત હાથ ધરી છે.

જાપાન દ્વારા તાજેરાતમાં વિવિધ ક્ષેત્રે કરેલા એમઓયુમાં સ્કીલ ડેવલપમેન્ટ, સ્પોર્ટસ, સાયન્સ, ટેકનોલોજી, આર્થિક, સંરક્ષણ, સુરક્ષા ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત અન્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આમ એક રીતે જોઈએ તો જાપાન ભારતનું ગ્લોબલ પાર્ટનર બનવાની દિશા તરફ આગળ વધી રહ્યું છે. જેના પગલે આગામી રાખવામાં ભારત વૈશ્વિક સ્તરે વધુ સારી રીતે ઉભરી આવશે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મહત્ત્વની બાબત એ છે કે જાપાને આ પ્રોજેક્ટ માટે ૧૨ બિલિયન ડોલરની એટલે કે રૂ. ૮૮ હજાર કરોડની સોફ્ટ લોન ૫૦ વર્ષ માટે માત્ર ૦.૧ ટકાના દરે આપવાનું નક્કી કર્યું છે. અને તેમાંય જો જરૂર પડશે તો લોનનો ગ્રેસ પિરિયડ વધારી આપવાની તૈયારી દર્શાવી છે. આ પ્રોજેક્ટ ઉપરાંત જાપાને ભારતમાં ૧૨ મિલિયન ડોલરનું વધારાનું ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મુડીરોકાણ કરવાનું પણ વચન આપ્યું છે. આમ, જાપાન દ્વારા ભારતમાં સંપૂર્ણપણે છવાઈ જવાની જે યોજના હાથ ધરાઈ છે તેનાથી મોદી સરકારની મેઈક ઈ ઈન્ડિયાને વેગ સાપડવાની સાથોસાથ સ્કીલ ઈન્ડિયાનું જે સપનું છે તે પણ સાકાર થશે તેમ જણાઈ રહ્યું છે.

આમ, બીજા શબ્દોમાં કહીએ તો ભારત અને જાપાન વચ્ચેના સંબંધો એ માત્ર બુલેટ ટ્રેન પૂરતા મર્યાદિત ન રહેતા ખૂબ મોટા પાયે વિસ્તર્યા છે તેમ કહી શકાય. આમ, પણ જાપાન હાલ પણ ભારતમાં મોટાપાયે કાર્યરત છે. ભારતમાં એરક્રાફ્ટની નિકાસથી માંડીને સ્વદેશી નિર્માણ માટે જાપાન ભારતને અનેક રીતે મદદરૂપ થઈ રહ્યું છે. ભારત હાલ ન્યુક્લિયર રિએક્ટરથી માંડીને એટોમિક પાવર પ્રોજેક્ટમાં પણ જે રીતે માથું ઊંચું રાખીને આગળ વધી રહ્યું છે તેમાં જાપાનનો પૂરેપૂરો સાથ અને સહકાર છે.

***લિ. સંજય બી. શાહ***
***ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ***

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| ● જેજેસી મુંબઈ | : ૧૦-૦૮-૧૭ | વહુ Hi-Fi સાસુ Vi-Fi - નાટક | ◈ |
| | : ૧૩-૦૮-૧૭ | જાગો હિન્દુસ્તાની - ઓરકેસ્ટ્રા | ◈ |
| ● અમૃતસર | : ૦૪-૦૮-૧૭ | બા મારી મધર ઈન્ડિયા - નાટક | ◈ |
| | : ૩૧-૦૮-૧૭ | પપ્પા તમને નહીં સમજાય-ફિલ્મ | ◈ |
| ● ચેમ્બુર | : ૧૪-૦૮-૧૭ | કલ હો ના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● દહિસર લેડીજ વિંગ | : ૧૮-૦૮-૧૭ | તોલ મોલ કે બોલ- ગેમ શો | ◈ |
| ● મલાડ | : ૧૪-૦૮-૧૭ | બા મારી મધર ઈન્ડિયા - નાટક | ◈ |
| ● કાંદિવલી | : ૦૧-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● જેજેસી જુહુ | : ૦૩-૦૮-૧૭ | કેશ ઓન ડિલિવરી - ફિલ્મ | ◈ |
| | : ૦૮-૦૮-૧૭ | જાગો હિન્દુસ્તાની - ઓરકેસ્ટ્રા | ◈ |
| | : ૧૧-૦૮-૧૭ | બા મારી મધર ઈન્ડિયા - નાટક | ◈ |
| | : ૧૩-૦૮-૧૭ | ટોઈલેટ એક પ્રેમકથા ? | ◈ |
| ● રજવાડી | : ૦૩-૦૮-૧૭ | વિરાર ફાસ્ટ - નાટક | ◈ |
| | : ૦૯-૦૮-૧૭ | Hu-Tu-Tu-Tu Part-2 - ઓરકેસ્ટ્રા | ◈ |
| ● નવી મુંબઈ | : ૦૨-૦૮-૧૭ | કાઠિયાવાડને કાંગરે - ડાયરો | ◈ |
| | : ૦૯-૦૮-૧૭ | બાર બાર દેખો - નાટક | ◈ |
| ● ભાંડુપ-વિક્રોલી | : ૦૫-૦૮-૧૭ | બાર બાર દેખો - નાટક | ◈ |
| ● સાયન-માટુંગા | : ૦૩-૦૮-૧૭ | આપણું બધું કાયદેસર - નાટક | ◈ |
| | : ૧૦-૦૮-૧૭ | શ્રી પ્રવિણભાઈ સોલંકી (નાટકના દશ્યોની રજૂઆત) | ◈ |
| ● નોર્થ ઈસ્ટ | : ૦૨-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● નોર્થ વેસ્ટ | : ૧૦-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● જુહુ બીચ | : ૧૬-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| | : ૨૧-૦૮-૧૭ થી ૨૩-૦૮-૧૭ | અમૃત પ્રવચનધારા-વ્યાખ્યાનમાળા | ◈ |
| ● રોયલ જગડુશા | : ૦૯-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● જેમ જગડુશા | : ૦૮-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● જામનગર | : ૨૩-૦૭-૧૭ | કિંગ એન્ડ ક્વિન - ગેમ શો | ★ |
| ● વાપી | : ૧૫-૦૭-૧૭ | મ્યુઝિક શો - ઓરકેસ્ટ્રા | ◈ |
| | : ૦૬-૦૮-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| ● પેડર રોડ | : ૦૨-૦૮-૧૭ | બા મારી મધર ઈન્ડિયા - નાટક | ◈ |
| ● બોરીવલી | : ૦૯-૦૮-૧૭ | લવ યુ બ્યુટિફૂલ - નાટક | ◈ |
| ● ગોલ્ડન ગારોડિયા | : ૦૫-૦૮-૧૭ | બાર બાર દેખો - નાટક | ◈ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

# જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

| Sr. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Badnawar | 04-10-2015 | Ashok Sanghvi | 9981977001 | Arun Sundecha | 9424075822 |
| 2 | Bhachau | 07-10-2012 | Anil Mehta | 9825824597 | Mayur Vora | 9825475078 |
| 3 | Una | 08-10-2000 | Ravindra Doshi | 9825597927 | Mahendra Shah | 9426850992 |
| 4 | Dhoraji | 10-10-2010 | Lalit Vora | 9913975566 | Kartikey Parekh | 9825877174 |
| 5 | Udhna | 13-10-2013 | Jayantilal Kukra | 9825135744 | Rakesh Dangi | 9427106327 |
| 6 | Dhrangadhra | 22-10-2000 | Biren Mehta | 9427395919 | Nilesh Shah | 9429110425 |
| 7 | Pink Pant Nagar | 25-10-1988 | Rajeshwar Udani | 9820021986 | Dilip Mehta | 9892911669 |

# ૨૩મો સમૂહલગ્નોત્સવ

## જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

### જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

**આયોજન**

**શનિવાર, તા. ૯-૧૨-૨૦૧૭ના રોજ,**

**બોરીવલીમાં નક્કી કરવામાં આવેલ છે.**

**વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.**

**વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

**૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.**

**ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સ: ૬૬૯૭૩૦૩૮**

**Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com**




## बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

ઈન્સ્ટન્ટ રેસ્ટોરન્ટ સ્ટાઈલ ડ્રાય ગ્રેવી પેક

## નોન જૈન / જૈન સ્પેશિયલ

બનાવો રેસ્ટોરન્ટ સ્ટાઈલ સ્વાદિષ્ટ સબ્જીઓ તમારા ઘરમાં માત્ર ૧૦ મિનિટમાં

Cook in Minutes

ખરીદો વિવિધ જાતની રેડી ટુ કુક, સુપર ટેસ્ટી, હોમ મેડ, ઈન્સ્ટન્ટ રેસ્ટોરન્ટ સ્ટાઈલ ડ્રાય ગ્રેવી પેક, જે સંપૂર્ણ કૃત્રિમ કેમિકલ, કલર રહિત છે અને દર એક ગ્રેવી પોતાની એક નેચરલ અરોમા અને ટેસ્ટ ધરાવે છે.

**અમારી વિવિધ જાતની સ્પેશિયલ ડ્રાય ગ્રેવી**

રેડ ગ્રેવી, બ્રાઉન ગ્રેવી, ગોલ્ડન ગ્રેવી, વાઈટ ગ્રેવી, મોગલાઈ ગ્રેવી, પસંદા ગ્રેવી, કડાઈ ગ્રેવી, સ્મોકી ગ્રેવી, છોલે ગ્રેવી, દાલ મખની ગ્રેવી.

**ઉપયોગિતા:** હાઉસ વાઈફથી લઈને વર્કિંગ વુમન, બહારગામ જતા વિદ્યાર્થીઓ માટે સાથેસાથે આવનારા બધા જ તહેવારોમાં ખૂબ જ ઉપયોગી.

**ઓર્ડર અને વધુ જાણકારી માટે:**

ADVT

**સંપર્ક: 9322423238 / 8779394031**

# સત્ય

■ કિરણ શાહ

સત્ય નરી આંખે નથી સાંપડતું. માત્ર હૃદય જ એ પિછાની શકે છે, માનવીનો અંતરાત્મા જ એ દિવ્ય શક્તિને જોઇ શકે છે. સત્ય અમર્ત્ય છે, સત્ય કદી મરતું નથી, હા માણસની લાપરવાહીને કારણે કોઇકવાર તેને લકવો થતો રહે છે. સત્ય બહુ ભારે હોય છે, નહિવત્ લોકો જ તે ઉપાડી શકે છે. જ્યાં લગી માણસ સત્યની સામે ઝઝૂમે નહીં ત્યાં લગી તે સત્યને પૂરેપરું સમજી શકતો નથી. સત્યને કાખઘોડીની અવશ્યકતા પડતી નથી, જો તે લંગડાય તો તે સત્ય ન જ હોય. સત્ય એટલું જક્કી છે કે તે કદી કોઇની માફી માગે નહીં. સત્ય એવી બાબત છે કે તે લોકોને કહેવાનું કઠણ તો છે જ પણ તેમને ગળે ઉતારવું તો એથી પણ કઠિન છે. સત્ય ઘણીવાર પીડા આપે છે અને એ પીડામાંથી રાહત મેળવાનો કોઇ ઈલાજ નથી. માણસની બે મોટી મુશ્કેલી એ છે કે જે સત્ય કઠણ લાગે તે એ શીખવા માગતો નથી અને જે સરળ લાગે તે એ યાદ રાખતો નથી. ઘણાં લોકો સત્યને ખોજતા હોય છે, કારણ એ નથી કે તે ખોવાઇ ગયું છે, પણ કારણ એ છે કે પોતે ખોવાઇ ગયો છે. આ દુનિયામાં સત્ય રાહ જોઈ શકે છે, હકીકતમાં તે એનાથી ટેવાઈ ગયું છે. કોઈ પણ પ્રસંગે સત્ય જીતી શકે છે, જો તમે તેને પૂરતો લાંબો સમય વળગી રહો તો. સત્યને કોઇના ગમા-અણગમાની પરવા નથી. સત્ય તમને મુક્તિ અપાવશે પણ એ પહેલાં તે તેમને કસોટીને ચકરાવે ચડાવશે. સત્યનો તમે દોષ કાઢી શકો પણ તેને શરમાવી ન શકો. સત્યને શોધી કાઢવું તે માણસના જીવનનો સૌથી ઉમદા આનંદ છે અને તે પછીના ક્રમે આવે છે પૂર્વગ્રહોને ખંખેરી નાખવા તે, જો કે વિનોબા ભાવેએ કહ્યું છે કે નાની નાની બાબતોમાં પોતાની વાતનો આગ્રહ ન રાખવો, હા જ્યાં ન્યાય કે સત્યની વિરુદ્ધ કાંઈ થતું હોય તો તેનો જરૂર વિરોધ કરવો.

સત્ય કહેવામાં મોટામાં મોટું સુખ એ કે તમે કોને શું કહ્યું તે યાદ રાખવાનો બોજો રાખવો પડતો નથી અને મોટો લાભ એ કે તમે અગાઉ શું કહ્યું હતું તે પણ યાદ રાખવું પડતું નથી. ઘણીવાર શું કહેવું તે અંગે શંકા થાય ત્યારે સાચું કહી દેવું બહેતર છે. સમય પાકે તે પહેલાં સત્ય કહી દેવું એ પણ કોઈવાર જોખમી સાબિત થાય છે. સત્ય આગળ માણસ બરફ જેવો અને જૂઠાણા આગળ અગ્નિ જેવો થઈ જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જૂઠું બોલી શકતા નથી અને કેટલાક એવા હોય છે કે તેઓ સાચું બોલી શકતા નથી અને કેટલાક એવા હોય છે કે જે એ બે માંનો ભેદ સમજી શકતા નથી. એક બાબતે આપણે સૌથી વધુ કૃતજ્ઞતા અનુભવવી જોઇએ કે, તમારે વિષેની બધી જ સત્ય હકીકતો માત્ર તમે અને ઈશ્વર જ જાણો છો. જેઓ પોતાના મંતવ્યોમાં બાંધછોડ કરવા તૈયાર હોતા નથી, તેઓ સત્ય કરતાં પોતાની જાતને વધુ ચાહતા હોય છે. દુનિયાને કડવું સત્ય નથી ગમતું, સત્યનો મોહક અભ્યાસ તેને પ્રિય છે એને નીતિ નથી પડી નીતિનો દેખાવ જોઈએ છે. આજની દુનિયામાં કોઈકવાર જ્યારે પૈસો બોલે છે ત્યારે સત્ય ચૂપ થઈ જાય છે. ઘણીવાર સત્ય કરતાં સત્તાને આ દુનિયામાં વધુ માન મળે છે. સત્તા સજા કરી શકે પણ સત્તા કરતાંય સત્ય ચડી જાય છે, એ આપણે ભુલવું ન જોઈએ, દાખલા તરીકે જ્યારે માણસની સાચું બોલનાર તરીકે આબરું બંધાઈ ત્યારે તે જે પણ કંઈ કહે તે સાબિત કરવાની એને જરૂર પડતી નથી.

તમે લોકો માટે જુઠું કહો તો તેઓ ખફા થઈ જશે પણ કેટલીકવાર સાચું કહો તો તેઓ એનાં કરતાં વધારે ખફા થશે. કેટલાક લોકો જૂઠાણું દસ દસ વરસ યાદ રાખે છે પણ સત્ય દસ જ મિનિટમાં વિસરી જાય છે. દરેક જણને સત્ય સાંભળવું ગમે છે, પણ ખાસ કરીને બીજાની બાબતમાં, આપણે સૌ સત્યની પ્રશંસા ત્યારે જ કરીએ છીએ જો તે આપણા વિચારો સાથે બંધબેસતું હોય જ્યારે માણસ હંમેશાં સાચો હોવાનો દાવો કરે છે ત્યારે તેનામાં જરૂરથી કંઈક ખોટું હોવાનું. જ્યારે દરેક માણસ ખોટો હોય ત્યારે દરેક જણ સાચો હોય છે.

ભલું થાજો આપણા દુશ્મનોનું કે જ્યારે મિત્રો મીઠું મીઠું કહેતા હોય ત્યારે તે આપણને સત્ય સંભળાવી દે છે. મજાકમાં કહેવાયેલી ઘણી વાતોમાં ઘણીવાર સત્ય હોય છે. હકીકત અને સત્ય મોટેભાગે પિતરાઈ ભાઈ હોય છે જ્યારે અર્ધસત્ય અને જૂઠાણું જોડીયા ભાઈઓ છે. અર્ધસત્યથી હંમેશાં સાવધ રહેજો, બનાવાજોગ છે કે તમને ખોટું અર્ધ હાથ લાગી જાય.

હંમેશાં યાદ રાખજો કે તમે સાચા હો તો તમારો મિજાજ ઠેકાણે રાખવાનું પાલવશે, તે તમે ખોટા હો તો મિજાજ ગુમાવવાનું પરવડશે નહીં... અંતમાં યાદ રાખો કે સૌથી મહાન સત્યો સૌથી સરળ હોય છે અને સત્યનું તમે સૌથી ભવ્ય સન્માન એક જ રીતે કરી શકો તેનો ઉપયોગ કરીને. આજના જમાનાના સત્યને લગતી વિપિન પરીખની આ કવિતાથી આ લેખની પૂર્ણાહૂતિ કરીશ.

એ લોકો એ ઈસુને ખીલે ઠોકી ને માર્યો
એ લોકોએ સોક્રેટરીસને ઝેર પાઈને માર્યો
એ લોકોએ ગાંધીને ગોળીએથી વિંધી નાખ્યો,
પણ એ લોકો મને નહીં મારી શકે કારણ
હું સાચું બોલવાનો આગ્રહ નથી રાખતો.

# દીકરી તો દીવડી

■ પાયલ શાહ

(કન્યા ભ્રૂણ હત્યાનાં કારણો અને તે નિવારવાનાં ઉપાયો)

'પછી કેમ કહીએ અમે અસુંદર છીએ,

પરમ ના હાથે ઘડાયું એ ઘડતર છીએ.'

સુખનો સૂરજ, સ્નેહની સવાર, મેઘની મહેર, પ્રેમનો પોકાર, દિલની ધડકન, મનની મુસ્કાન, ખુશીનો ખજાનો એટલે વ્હાલપની લાઈફટાઈમ વેલિડીટી ને સ્નેહની સનાતન યુનિવર્સિટી એવી દીકરી... સ્ત્રીને માતૃત્વ પામીને ઈશ્વરની સાવ લગોલગ બેસવાનું સુખ સાંપડયું છે. તે સર્જનહર છે, પણ પુત્રી હોવાને કારણે ગર્ભપાત કરાવવો એ માતૃત્વની હત્યા છે. માતાઓ પોતાના પેટના બચ્ચાને 'કાપવા'માંડી છે.

'ફૂલોને ઉગવાનો ક્યાં આપે છે કોઈ મોકો?

હવે તો ઘર સજાવવાં માટે, થોર લાવે છે લોકો.'

૧૬મી સદીથી ૨૧મી સદી તરફ આપણે પગલાં ભર્યા છે પણ સમજ હજી એવી જ રહી છે. પહેલાંના સમયમાં આંતરિયાળ ગામડામાં બાળક જન્મે પછી નિર્ણય લેવાતો કે હવે શું કરવું? પુત્ર જન્મે તો આખા ગામમાં પેંડા વહેંચાય અને ગામ ધુમાડાબંધ જમે પણ દીકરી હોય તો તેને ખૂબ મોટા ટોપમાં દૂધ ભરેલ હોય તેમાં ડૂબાડી દેવામાં આવતી અને તે નિર્દોષ બાળકીનો જીવ રુંધાય જાય અને તેને દૂધ 'પીતી' કરી એમ કહેતા. હવે તો પુત્રી જન્મે ત્યાં સુધીની રાહ શું કામ જોવાની? તેને પેટમાં ને પેટમાં જ મારી નાખવાની વ્યવસ્થા ડૉક્ટરોએ કરી આપી અને તેઓ પાછા વિજ્ઞાન અને ટેકનોલોજીને 'ક્રેડિટ' આપીને કહે છે વિજ્ઞાન ક્યાંનું ક્યાં પહોચી ગયું છે? કામ 'તમામ' કરતાં દસ મિનીટ પણ નથી લાગતી. આમ જાતિ પરીક્ષણ અને ગર્ભપાત અસ્તિત્વમાં આવ્યા.



''જાતિપરીક્ષણ કાનૂની અપરાધ છે'' આ વાક્ય સોનોગ્રાફી સેન્ટરમાં હોય છે પણ દરેક નિયમમાં છટકબારી હોય જ છે. તેમ લોકો ડૉક્ટર સાથે સાંઠગાંઠ ન થાય તો વચેટિયાઓને પકડે છે. જેમ કે નર્સ, વોર્ડબૉય તેમના કોડવર્ડ જેવા શબ્દો છે પેંડા, બરફી, પિંક રગં, બ્લુ રંગ...

ગર્ભપાત સરળ છે, સલામત છે. આ બધી જાહેરખબરો અને ત્રણ મહિના સુધી ગર્ભમાં જીવ નથી હોતો. આવી વાતો આ કહેવાતા ડૉક્ટરો ફેલાવે છે. ગર્ભપાત કરવાની ત્રણ કે ચાર પદ્ધતિ હોય છે કોઈપણ પદ્ધતિ હોય પણ ચપ્પુ, કાતર, લાંબો અણીદાર સોયો ભોંકીને કે એસિડ જેવું જલદ કેમિકલ વાપરીને ડૉક્ટર બાળકને લોહીલુહાણ કરીને મારી નાખે છે. પછી તેના આંતરડા, ફેફસાં, હૃદય, હાથ, પગ બધું જલદી જલદી બહાર કાઢીને બાલદીમાં ડૉક્ટરે ફેંકી દેવું પડે છે. ક્યારેક આ અણીદાર સોયો બાળકના હૃદયમાં ભોંકાવાના બદલે હાથ, પગ કે સાથળ પર ભોંકાય ત્યારે બાળક જલદીથી મરતું નથી ત્યારે બાલ્દીમાં તેના ધબકતાં હૃદયને જોઈને નર્સ, સ્વીપર સુધ્ધા બીજી બાજુ આંખ ફેરવી લે છે. કેવી ક્રુર, પાશવી પાપલીલા છે આ! દિવસના અંતે ઓપરેશન થિયેટરનો તમામ માનવ એંઠવાડ બાલ્દીમાંથી કાઢીને દાટવામાં આવે છે અથવા ભઠ્ઠીમાં બાળવામાં આવે છે વાંચીને રુંવાડા ઊભા થઈ ગયા ને?

વિજ્ઞાનીઓએ ગર્ભના વિકાસની ફિલ્મ તૈયાર કરી છે તેમાં તેમણે દેખાડયું છે કે સ્ત્રીને ગર્ભાવસ્થાની જાણ ૪૫-૪૬ દિવસે જ્યારે થાય તે પહેલાથી ગર્ભના બાળકનું હૃદય ધબકતું થઈ જાય છે. આઠ સપ્તાહમાં ગર્ભનું બાળક તમામ અંગ ધરાવતું થઈ જાય છે અને દસ સપ્તાહનું બાળક માતાના પેટમાં પોતાનો અંગુઠો ચુસતું થઈ જાય છે. શું એ ગર્ભના બાળકનો વાંક છે કે

તે પુત્રી છે?સ્ત્રી છે? એટલે તેને જન્મવાનો કોઈ હક્ક જ નથી! ડોક્ટર જ્યારે ગર્ભપાત કરવા માટે ઑપરેશન થિયેટરમાં તૈયારી કરે છે ત્યારથી ગર્ભના બાળકના હૃદયના ધબકારા વધી જાય છે. ડૉક્ટરનો ચીપિયો જ્યારે ગર્ભાશયમાં દાખલ થાય ત્યારે ગર્ભનું બાળક બચવા માટે રીતસર તરફડિયા મારે છે અને ગર્ભમાં જે પ્રવાહી હોય છે તેમાં તરી તે એક ખૂણામાં ભરાય જાય છે છેવટે જ્યારે ડૉક્ટરનો ચીપિયો તેને પકડી પાડે છે ત્યારે તેના મોંમાંથી એક મૂંગી ચીસ નીકળી પડે છે. આ સમગ્ર પ્રક્રિયા 'સાઈલન્ટ સ્કીમ'નામની ફિલ્મમાં હૂબહૂ બતાવવામાં આવી છે. ગર્ભમાં છોકરી છે એટલે ગર્ભપાત કરાવવો છે તે કારણથી આવેલી માતાઓ આ ફિલ્મ જુએ તો ચોક્કસ ગર્ભપાત કરાવ્યા વિના ચાલી જાય, એવો તરફડાટ તે બાળકનો હોય છે.

દરેક સિક્કાની બે બાજુ હોય છે. પાંચ અઠવાડિયાનો ગર્ભ હોય ત્યાં સુધી ગર્ભપાત કાયદેસર છે. આ કાનૂન સરકારે બહાર પાડયો છે. તેની પાછળ કારણ છે ક્યારેક સોનોગ્રાફીમાં ખબર પડે બાળક રોગીષ્ટ છે, માથાના પાછળની ભાગમાં પાણી ભરાઈ ગયું છે કે પછી તેના શરીરમાં, અવયવમાં ખામી છે. આ કાનુનને લોકો એ છટકબારી બનાવી દીધી છે. તમે સ્ત્રીનો જન્મ રોકો છો પણ શું સાથે સાથે ભવિષ્યમાં પુરુષ પણ કેવી રીતે જન્મશે? આજે સ્ત્રી-પુરુષ ૯૪૩ઃ ૧૦૦૦ છે તે કોના કારણે? આપણા કારણે જ ને...

એક સત્ય ઘટનાઃ એક બહેને સાતમા મહિને સોનોગ્રાફી કરાવી. બાળક ખૂબ રોગિષ્ટ હતું. જન્મે તો પણ તે તકલીફમાં રહે તેમ જ હતું. ડૉક્ટરે કહી દીધું કે બાળકી છે પણ કદાચ આંખમા થોડો પ્રોબ્લેમ છે. તે બહેને તે જ ઘડીએ ખૂબ મક્કમ અવાજે કહ્યું, ''ગર્ભપાત નહી થાય'' બાળકીનો જન્મ થયો. તેને આંખના રેટિનાનું કેન્સર હતું. તે બહેન જૈન હતા તેણે નક્કી કર્યું કે આ બાળકીનું જીવન જેટલું પણ હશે તેને હું બધા તીર્થસ્થાનની જાત્રા કરાવીશ. તેને સારામાં સારી ટ્રીટમેન્ટ અપાવીશ. આ દાખલો તેવા મા-બાપ માટે લપડાક છે જે સાજી સારી દીકરી ગર્ભમાં હોય તો પણ ગર્ભપાતનો રસ્તો લે છે...

સ્ત્રી ઈચ્છે કે ન ઈચ્છે તે સોનોગ્રાફી માટે જાય ત્યારે તેને આગ્રહ નહી પણ 'ટોર્ચર' કરવામાં આવે છે કે જો પુત્રી હોય તો તારે ગર્ભપાત કરાવવો જ પડશે. શા માટે પુત્રી નથી જોઈતી? કારણો અનેક છે તેઓની પાસે જેમકેઃ

આપણી રૂઢિગત ચાલી આવતી સામાજિક પ્રથા પુત્ર અગ્નિસંસ્કાર કરે તો જ મોક્ષ મળે. પુત્ર ઘડપણમાં ટેકણલકડી થાય. દીકરી તો પારકા ઘરે જાય તે વળી શું કામની.

દીકરી એટલે કાચો ઘડો. લગ્નલાયક થાય એટલે મુરતિયા જોવા, તપાસ કરવી. આ બધું ઊંઘ ઉડાડી દે છે. એવું લોકો વિચારે છે. ભણાવો, ગણાવો, મોટી કરો ૨૨-૨૩ વર્ષની થાય એટલે દહેજ આપીને તેના લગ્ન કરો. રૂપ-રંગ સારા હોય તો ઠીક છે પણ જો તે ઘઉંવર્ણી હોય તો થઈ રહ્યું. તેની માટે મુરતિયા જોતાં નવનેજા પાણી ઊતરે. જ્યારે પુત્ર ઘઉંવર્ણો હોય તો તેના હાજર જવાબી દાદી દાદા કહેશે લે કાળો છે પણ કામણગારો છે. કાળા તો કૃષ્ણ ભગવાન હોય. ગોરા તો ગધેડા હોય.


ખુદ સ્ત્રીઓ પણ ઈચ્છે છે કે પુત્રજન્મ થાય તો તેનો બધા સામે વટ પડી જાય. પુત્રી જન્મે તો બધાનાં મોઢા નાના થઈ જાય.

એક હતો રાજા આને એક હતી રાણી. જેવી વાર્તાઓ આપણે સાંભળીએ છીએ. તેવી રીતે એક હતી છોકરી.. તે વાત આપણે આવનાર પેઢીને ન કહેવી પડે તે માટે જાગ્રત થવાનું કામ ખુદ આપણે કરવાનું છે. લોકોને મોહ હોય છે પુત્રનો, બસ બાબો આવો જોઈએ. કંઈ કેટલાંયે ઉપાયો અજમાવાય છે સ્ત્રી ને પુત્રજન્મ થાય એ માટે હમણાં એક હાસ્યાસ્પદ નુસખો જાણ્યો. સ્ત્રીને ત્રીજો મહિનો ચાલતો હોય ત્યારે નાકમાં ડ્રોપ્સ નાખી જેના એક વખતનાં ૨૦૦૦-૨૫૦૦ રૂપિયા લે. પછી ઘરે આવીને એના પર બકરીનું દૂધ પીવાનું આવી રીતે ત્રણવાર જવાનું. પેલા ભાઈસાહેબને તો કમાણી થઈ ગઈ. પછી પુત્રજન્મ ન પણ થાય તો કોઈ શું કરી લેવાનું? છે ને દુનિયા ઝુકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિયે! આવા લોકોને ત્યાં કેમ લાઈન લાગે છે? કમાણી થાય છે? કારણકે પુત્ર માટેનો મોહ હવે મોટાભાગનાં દંપતિ 'હમ દો હમારે એક'માં માને છે, એટલે એક જ બાળક જોઈતું હોય અને તે પણ પુત્ર હોય તો સોને પે સુહાગા. આ કારણને લીધે આવા ગુરુઘંટાઓની લૉટરી લાગી ગઈ છે.

# આપણી જાતને 'અપગ્રેડ' કરતાં રહીએ

■ જયવતી કાજી

એક ખ્યાતનામ અમેરિકન મનોવિજ્ઞાનીએ કહ્યું છે: 'વાસ્તવિક હકીકતો કરતાં આપણું વલણ વધારે મહત્ત્વનું છે.' આપણું વલણ આપણો અભિગમ બદલવો, એ અઘરું છે - મુશ્કેલ છે, પણ સાવ અશક્ય નથી. હા, એ માટે સમજપૂર્વક પ્રયત્ન કરતાં રહેવું પડે. અહીં પ્રશ્ન છે, નવું જાણતાં રહેવાનો-સતત શીખતાં રહેવાનો અને વિચારો અને જીવનશૈલીને તપાસતાં, ચકાસતાં રહેવાનો. સંજોગો અને પરિસ્થિતિ અનુસાર તેમાં ફેરફાર કરતાં રહેવાનો. જીવનની ગોઠવણીની ફેરગોઠવણીની-પુર્નવ્યવસ્થા કરતાં રહેવાનો. નવા નવા વિચારોને-ફેરફારોને અને ખાસ તો વિજ્ઞાન અને યંત્રવિદ્યાને ક્ષેત્રે અવનવી શોધોએ માનવજીવનમાં જે ધરખમ પરિવર્તન આણ્યું છે, એને સમજીને-એનાથી શક્ય તેટલા પરિચિત રહી આપણે આપણી જાતને 'અપડેઇટ' અને 'અપગ્રેઇડ' કરતાં રહેવાનું મહત્ત્વનું બન્યું છે. એમ જ કહોને કે આપણે માટે એક મોટો પડકાર ઊભો થયો છે!



આજે તો એવો સમય આવ્યો છે કે 'સેલફોન', 'કૉમ્પ્યુટર', 'વેબસાઇટ' વગર ઘડી પણ ચાલે નહિ. 'કૉમ્પ્યુટર' અને 'વેબસાઇટ' એટલે વિદ્યા-જ્ઞાન અને માહિતીનો ખજાનો. નાનકડા સેલફોને તો આજે દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે! એક નાનકડું મશીન 'ઈમેઈલ કરે'-ટેક્સ્ટ મેસેજ મોકલે - તમારા મહત્ત્વના ઉપયોગી ટેલિફોન નંબરો તમારે માટે સાચવે! નાનકડું બટન દબાવો અને તમને જણાવી દેશે તમારા 'missed messages' આ ઉપરાંત કેમેરાની માફક એ ફોટો પણ પાડે! નિતનવી ટેકનોલૉજી માનવીની સેવામાં હાજર થતી જાય છે એટલે તો આજના યુગને 'આઈ.ટી'નો યુગ કહે છે.

આપણી દુનિયા વિજ્ઞાન અને ટેકનોલૉજીની નિતનવી શોધોને લીધે ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે. આપણે ભડકી જઈએ એટલું બધું દુનિયામાં અવનવું બની રહ્યું છે. આઈ.ટી.ટેકનોલૉજીએ દુનિયાને સાવ નાની બનાવી દીધી છે. સંદેશ-વ્યવહારના દ્વાર ખોલી નાખ્યાં છે. આ કારણે આપણી જીવનશૈલીમાં અને વ્યવહારમાં તેમ જ માનવસંબંધોમાં જબરજસ્ત પરિવર્તન આવી રહ્યું છે. આટલાં બધા પરિવર્તનો ક્યારે પણ નહોતાં આવ્યાં.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરની આર્ષ વાણીના પડઘા ચોગમ સંભળાય છે:

'ચાલતો થા, અહીંથી
જૂના પુરાણા સમય
કેમ કે, આરંભી છે
નૂતને અવનવી રમત.'

આજનાં બાળકો કિશોરો અને યુવાપેઢીને આ બધું સ્વાભાવિક લાગે છે. તેઓ ઝડપથી નવાં નવાં ઉપકરણોનો ઉપયોગ શીખી જાય છે. સાત-આઠ વર્ષનાં બાળકો કોમ્પ્યુટર પર વિવિધ રમતો રમતાં હોય છે. કિશોરો અને યુવાનોને તો સેલફોન, બ્લેકબેરી, લેપટોપ આ બધાંનો ઘડીનો

વિરહ પણ અસહ્ય થઈ પડે છે! આ બધું સ્વીકારવું-સમજવું અને સુમાહિતગાર રહેવું પ્રૌઢો અને વયસ્કો માટે કસોટીરૂપ છે, પરંતુ આ નવી પરિસ્થિતિનો સાવ અનાદાર કરવાનું કોઇને પોષાય એમ નથી. એનું હાર્દ સમજવા માટે આપણે આપણાં મનની બારીઓ ખુલ્લી રાખવી પડશે. મનની બારી બંધ કરી, એના પર પડદા નાંખી આપણી પરંપરાગત માન્યતાઓ પૂરાઇ નૂતનનો સદા વિરોધ કરવો એ યોગ્ય નથી. નવા યુગબળને નહિ ઓળખીએ અને એને અનુકૂળ થવાનો પ્રયાસ નહિ કરીએ તો સંભવ છે કે નવી પેઢીથી અને બદલાતાં જીવન અને જગતથી આપણે વિમુખ થઈ જઈએ. એનાથી આપણે દૂર હડસેલાઈ જઈએ.

આપણે જ્યારે નવું વાંચતાં-નવું શીખતાં-નવું વિચારતાં રહીએ છીએ ત્યારે આપણું જીવન વહેતું રહે છે. એનાથી જીવનમાં ઉત્સાહ, ઉમંગ અને ચૈતન્ય આવે છે. જીવન વધુ રસમય બને છે. સમયાનુસાર વિચારોમાં ફેરફાર કરી, બદલાતાં સંજોગો અને સંબંધોના સ્વરૂપ સાથે અનુકૂળ થઈ તાલ મેળવતાં રહેવું એ મને લાગે છે કે જબરજસ્ત આવડત અને સૂઝ છે. જીવનના આનંદ અને સુખની એ ગુરુચાવી છે.

આપણી સામાન્ય વૃત્તિ તો હોય છે, 'જે ચાલતું હોય તે ચાલવા દો.' 'મારે કંઈ આ બધું શીખવું નથી.' 'જેમ જીવીએ છીએ તે જ બરાબર છે. આટલાં વર્ષો આમ જ કરતાં હતાં ને!' આમ ઘણાંને કહેતાં તમે સાંભળશો. પરંતુ આ જાતની માનસિકતા યોગ્ય નથી. આ તો એક પ્રકારની જડતા થઈ. ખબર નહિ! આપણે આ સમજીએ છીએ પરંતુ સામાન્ય રીતે આપણે મનોમન ઈચ્છીએ છીએ કે જીવન એ જ પાટા પર થંભી જાય! બધું યથાવત્ રહે તો કેવું! આપણને જે ફાવી ગયું છે, જેનાથી ટેવાઈ ગયા હોઈએ તે બદલાય કે બદલવું પડે તે આપણને રુચતું નથી!

વર્ષોથી ગેસ-સ્ટવ પર રાંધતા હોઈએ તો માઈક્રોવેવ ઓવનમાં રાંધી લેતા ખચકાટ થાય છે. લેન્ડલાઈન પર કોર્ડલેસ ફોન વાપર્યા કરતાં હોઈએ પછી સેલફોન પર જતાં શરૂઆતમાં થોડુંક અડવું લાગે! તેવી જ રીતે ઘરમાં થોડા વખત પહેલા ટપાલ આવતી. સ્વજનો-મિત્રોના સ્વહસ્તે લખેલાં લાંબા પત્રો આવતાં. એક નહિ પણ બે-થોડા વખત વાંચવાનો આનંદ લેતાં! હા! એમાં વધુ આત્મીયતા હતી. લખનારની લાગણીનો એમાં સ્પર્શ થતો એટલે 'ઈ-મેઈલ'-'ટેક્સ્ટ મેસેજ' 'લેપટૉપ' 'વેબસાઈટ' બધું ભલે ખૂબ જ ઉપયોગી-ઝડપી અને મદદરૂપ હોય તો પણ પ્રૌઢોને-વડીલોને એમાં કશુંક મહત્ત્વનું ખૂટતું લાગવાનું.

આ બધું શીખવું અને અપનાવવું એમને જરૂર અઘરું લાગે. એમને ગુસ્સો પણ આવવાનો. આજના જુવાનીયાઓ ક્યાં તો કાને કે હાથમાં સેલફોન લઈને જ જીવતાં હોય છે! કલાકો સુધી કોમ્પ્યુટર પર કોણ જાણે કેમ તેઓ ચીટકી રહે છે! પ્રશ્ન એ છે કે યુવાપેઢી સાથે સતત ભાવસંક્રમણ ઠજ્ઞ્દ્રત્ણઠટ્દ્ણ્થ્ઢ ચાલુ રાખવું હોય તો એમના જીવનના એક અતિ મહત્ત્વના અંગરૂપ આ બધાં ઉપકરણોને ભાંડવાથી કંઈ નહિ વળે. એમનો વ્યવહાર 'ઞ્ર' દ્વારા જ ચાલે છે. 'કોમ્પ્યુટર' અને 'વેબસાઈટ' એમનો શ્વાસ પ્રાણ છે! એમની સાથે અને જમાના સાથે ઝઘડા અને સંઘર્ષ કરવાથી કશું જ વળવાનું નથી પણ એમને આપણાથી વિમુખ કરી દઈશું. જૂનું જાય અને નવું આવે એ સૃષ્ટિનો ક્રમ છે!

આ લખતી વખતે મને સ્મરણ થાય છે મારા એક વડીલ સ્નેહીનું. સ્વ. મીઠુબહેનનું. તેમનો પુત્ર-તેમનું પરિવાર અમેરિકામાં સ્થિર થયું હતું. તેઓ એમનાં પૌત્રપૌત્રી સાથે વાતચીત કરી શકે એમનાં સમાચાર પૂછતા રહી શકે માટે તેઓ ૮૦ વર્ષે 'ઈમેઈલ'નો ઉપયોગ કરતાં શીખ્યાં! યુવાપેઢી સાથે સંકળાયેલા રહેવા માટે આ જરૂરી છે.

આપણે આપણું દિવાનખાનું-શયનખંડ-રસોડું-એ બધું અદ્યતન કરવાનો પ્રયાસ કરીએ છીએ. સલિલ એની ફેક્ટરીને 'અપગ્રેડ' કરવાનો વિચાર કરે છે તો આસ્થા પોતાના 'વોર્ડરોબ'ને વધુ આધુનિક કરવાની કોશિશ કરતી રહે છે. આ બધી બહારની વસ્તુઓને 'અપગ્રેઈડ' કરવાની આપણે જરૂર લાગતી હોય તો પછી આપણાં વિચારોનું-આચરણનું-ચિંતન, મનન, જ્ઞાનનું શું? આપણાં મનોભાવનું શું? આપણાં માંહ્યલાનું શું? એ જે ઘણું મૂલ્યવાન અને મહત્ત્વનું છે તેનો વિચાર કરવાનો નહિ? આપણાં આંતરિક ઊર્ધ્વીકરણનું શું? આનો પણ આપણે સાથેસાથે વિચાર કરી એ દિશામાં આગળ વધતા રહીએ તો જ સાચા અર્થમાં જીવનને આપણે 'અપગ્રેઈડ' કર્યું છે

એમ કહી શકીએ. આ ક્રિયા તો સતત ચાલતી જ રહેવી જોઇએ.

જીવનની પ્રત્યેક અવસ્થા બદલાવ માંગતી હોય છે. સાહસિક શોધકોની માફક જીવનના પ્રત્યેક તબક્કે આપણે અજ્ઞાતમાં પ્રવેશ કરીએ છીએ. આથી જીવન એક સાહસયાત્રા બની રહે છે. હા! જીવનના દરેક ફેરફારને સારીનરસી બે બાજુ તો હોય છે જ. પ્રગતિ-વિકાસ અને પરિવર્તનનું પણ આવું જ છે...

આ લખતી વખતે મને રોનીનો અનુભવ યાદ આવે છે. રોની મારી પુત્રી અસ્મિતાની સહકાર્યકર છે. ત્રીસેક વર્ષથી એ બેંકમાં કામ કરે છે. એ ઘણી કુશળ અને બુદ્ધિશાળી છે. બેંકમાં એ ઊંચા હોદ્દા પર છે. એનું ક્રેડીટ કાર્ડ ખોવાઈ ગયું, એટલે એ બેંકની શાખામાં ગઈ. ક્રેડીટ કાર્ડ વિભાગમાં ત્રીસેક વર્ષની એક સ્માર્ટ યુવતી કામ કરતી હતી. એની સાથે રોનીએ પોતાના ક્રેડીટ કાર્ડની વાત કરી. પેલી યુવતીએ કહ્યું, 'મેડમ,તમારું કામ થઈ જશે.'

'ક્રેડીડ કાર્ટ લેવા માટે ક્યારે આવું?' રોનીએ પૂછ્યું હતું.

'ના, આવવાની કંઈ જરૂર નથી' એને જવાબ મળ્યો.

'તો પછી મને ખબર કેવી રીતે પડશે?'રોનીએ પૂછ્યું.

'મેડમ! તમે 'વેબસાઈટ' પર તમારા ક્રેડીટ કાર્ડનું જોઈ લેજો.'

'મને સમજ ન પડી.' રોની વિચારમાં પડી ગઈ હતી.

'પણ મેં તો 'ઑનલાઈન બેંકીગ 'સાઈનઅપ'નથી કર્યું!'

આ સાંભળી પેલી યુવાન કર્મચારી નવાઈ પામી ગઈ.

'શું વાત કરો છો તમે? મેડમ! તમે હવે ઈન્ટરનેટ પર બધું જ કામ કરી શકો છો. બસ! તમારે તમારી જાતને 'અપડેઈટ' કરતાં રહેવાનું.'

રોનીને થયું હતું, જોતજોતામાં કેટલું બધું બદલાઈ ગયું! આજકાલની જુવાન છોકરીને એમ લાગે છે કે એને કશું ખબર નથી! આપણને પણ આવું જ નથી લાગતું? અરે! કેટલીયે વખત ૮-૧૦ વર્ષનાં બાળકોને આ બધું ઘણું જ આવડતું હોય છે! આપણે એમની મદદની જરૂર પડતી હોય છે.

અસ્મિતાની આ વાત સાંભળી હું ખડખડાટ હસી હતી. વાત તો એ જ છે. જેમ જગત સાથે - બદલાતી જીવનશૈલી સાથે અને નવી ઊગતી પેઢી સાથે સંકળાયેલાં રહેવું - 'કનેક્શન' રાખવું જરૂરી છે. તેવી જ રીતે એ બંધાંથી અલગ-અલિપ્ત થતાં પણ શીખવાનું છે. `Connection'ના જેટલું જ `Disconnection'પણ ઘણું મુશ્કેલ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં `detached attachment'લગાવ-લાગણી-પ્રેમ-સંબંધ એ બંધુયે છતાં અંદરની અલિપ્તતા... જીવનની આ જ મોટી કસોટી છે. ખરું ને?

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

**ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.**

**સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.**
**ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬**

**લિ. સેક્રેટરી જનરલ**
**જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ**

## BIO-DATA



**Name** : **VAIBHAV HASMUKHRAI THAKKAR**
**DB/BT/BP** : 10-3-1984 / 7:36 am / Ahmedabad
**Height** : 6 Ft /
**Weight** : 72 Kgs.
**Res. Add.** : 201, Magadh, Neelkanth Kingdom Complex, Nathani Road, Near Railway Station Vidyavihar (W), Mumbai-86.
**E-mail id** : vaibhavthakkar2004@gmail.com
**Cell.** : 91-9892027120/022-25220284 [On a short tour to UK, returning to India - 23rd Sep 2017.Please call on Whatsapp on the India number +91 9892027120.Temporary UK number – +44 7514941193]
**Complexion:** Fair/Handsome.
**Religion/Gnati** : Sthanakwasi Jain/Jamnagar & Halar Vishashrimali Mumbai
**Qualifications:** 1) MBA (Finance), from Prin. L. N. Welingkar Institute of Management & Research in June 2012.
2) B.E. (Information Technology) from Vivekanand Education Society's Institute of Technology in June 2006. 3) IIBA CCBA Certified Business Analyst, April 2015
**Employment** : Working as Senior Consultant at Wipro Technologies Ltd with the following:
1.Lloyds Banking Group (Oct 2016-Present)
2.Citibank(June 2012-Sep2016)
**Past Experience:** Earlier worked at Tata Consultancy Services Limited as Assistant Systems Engineer from March 2007 to Aug 10.
**Hobbies** : Movies, Dancing, Playing Guitar, Listening Music, Calligraphy Photography, Sports: Table Tennis, Tennis,Cricket & Badminton
**Interests** : Social Activities, Exploring new things in all arenas
**Parents** : Late Shri Hasmukhrai Nandlal Thakkar, B.E (Civil). Smt. Varsha Hasmukhrai Thakkar, B.A.
**Elder Brother:** Vishal H Thakkar, B.E (I.T),MBA (Finance) with JP Morgan. Married to Dr.Dinky Talsania (Physiotherapist) (Ghatkopar W)

Advt.

## લગ્ન સબંધી

વર્તમાનમાં ગુજરાતી/રાજસ્થાની કુટુંબોમાં સંતાનોના લગ્ન માટે સુયોગ્ય પાત્રની પસંદગી એક સળગતો પ્રશ્ન બની ગયો છે. ઝડપથી બદલાતા જીવન ધોરણ અને કેરીયર વિષે જાગૃત યુવક/યુવતીના જીવનમુલ્યો, ઘણા બદલાયા છે.

પરિવર્તન અને પ્રગતિ પોતાની સાથે નવા પ્રશ્નો અને સમસ્યાઓ પણ લાવે છે.

આજના લગ્નના ઉમેદવારો પશ્ચિમ અને પુર્વ બન્નેની વિચારસરણીથી બંધાયેલ છે. તેને પિત્ઝા તથા પાસ્તા સાથે પુજા અને પ્રાર્થનામાં પણ રસ હોય છે. લગ્ન જેવા સંવેદનશીલ વિષયમાં તદ્દન અજાણ્યા બે વ્યક્તિ કે કુટુંબો જ્યારે ડાયરેક્ટ વાત કરે ત્યાર MAL-COMMUNICATION અને Mis Interpritaion થવાની સંભાવના વધી જાય છે. તેના કારણે ઘણા સુયોગ્ય સંબંધો થતા અટકી જાય છે.

આ પ્રશ્નના ઉકેલ માટે અનુભવી મધ્યસ્થીની ખાસ જરૂર પડે છે આવા મધ્યસ્થી (મોડરેટર) બન્ને પાત્રો ને મળી યોગ્ય માર્ગદર્શન આપી, સાચી માહીતી મેળવીને યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થાય આવા શુભ હેતુથી મેરેજ કાઉન્સેલીંગ તથા મેચ મેકીંગ સેન્ટરની સ્થાપના થઈ છે.

**સેતુમાં લગ્નોત્સુકોને મેમ્બર થવા આમંત્રણ છે.**

**સંપર્ક :**

## સેતુ

**(પરિચયથી પરિણય સુધીને સથવારો)**

**૨૪૧૪૬૫૧૧/૯૮૧૯૭૯૯૫૪૭**

**Website: www.setumarriage.com**

**Email: manhar1937@gmail.com**

ADVT

ફોર્મ ફી ₹.10.00

જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ પ્રેરીત

ફોર્મ નં.

# જૈન જાગૃતિ સેન્ટર - કલાનગરી, વડોદરા

કીટ નં. (ફક્ત ઓફીસ માટે)

આયોજીત

## ઓલ ઇન્ડીયા સમસ્ત જૈન ૧૮મો અપરિણીતોનો મેળો

**મેળાવડાની તારીખ : ૭.૦૧.૨૦૧૮, રવિવાર**
સમય : સવારના ૦૮.૦૦ કલાકે

મેળાનું સ્થળ : સોના પાર્ટી પ્લોટ, સી.કે. પ્રજાપતિ સ્કુલની બાજુમાં દર્પણ વાટિકા પાસે, લક્ષ્મીપૂરા, ગોરવા, વડોદરા.

**ફોર્મ પરત ફરવાના સ્થળે જ ફોર્મ પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : ૩૦.૧૧.૨૦૧૭**

૯૦૧૬૦ ૮૦૬૩૯

**ફોટોગ્રાફ**

(૧) ઉમેદવારનો પાસપોર્ટ સાઇઝનો એક સુંદર ફોટો અહીં ચોટાડવો

(૨) બીજો એક વધારાનો ફોટો તેની પાછળ નામ, જન્મ તારીખ અને ફોર્મ નંબર લખી સ્ટેપ્લરપીનથી આ ફોર્મ સાથે ફોટો બગડે નહિ તે રીતે લગાવવો

(ફોટોગ્રાફ આપવો ફરજીયાત છે)

માનનીય પ્રમુખ શ્રી / મંત્રીશ્રી,
સેન્ટર તરફથી યોજવામાં આવેલ અપરિણીતોના મેળાવડા માટે હું સભ્યપદ મેળવવા ઇચ્છુ છું.

☐ યુવક ☐ યુવતી

| | |
|---|---|
| ઉમેદવારનું પૂરૂ નામ | નામ / પિતાનું નામ / અટક |
| પિતાનું પૂરૂ નામ | નામ / માતાનું નામ / અટક |
| જન્મ તારીખ | ☐☐☐☐☐☐☐☐ ઉંમર ☐☐ જ્ઞાતિ (ફિરકા) (✓ ટીક કરવી) ☐ સ્થાનકવાસી ☐ શ્વેતાંબર ☐ દિગંબર ☐ તેદાપંથી |
| ઊંચાઇ | ☐ ☐ (ફૂટ / ઇંચ) વજન ☐☐ કિગ્રા. જન્મ સમય સવાર / સાંજે જન્મ સ્થળ મૂળ વતન (ગામ - જીલ્લો) |
| અભ્યાસ (ડીગ્રી) | ચશ્મા છે ? |
| વ્યવસાય (ઉમેદવારની પોતાની હાલની જે વિગત હોય તે જણાવવી ). | દોષ ગ્રહ (✓ ટીક કરવી) ☐ મંગળ છે ☐ શનિ છે ☐ કાંઈ નથી<br>સંસ્થાનું નામ : હોદ્દો : ઉમેદવારની આવક રૂા. (વાર્ષિક) |
| બીજા ભાઈ કેટલા (સંખ્યા લખવી) | અપરિણિત પરિણિત |
| બીજી બહેનો કેટલી (સંખ્યા લખવી) | અપરિણિત પરિણિત |

ઉમેદવારની ખોડ/સફેદ દાગ વિગેરેની વિગત અથવા આગલા જીવનસાથીથી થયેલ બાલકોની વિગત અથવા અન્ય જરૂરી વિગત જણાવવી.

અન્ય વિગત અપરિણિત | વિધવા/વિધુર | છૂટાછેડા (લાગુ ના પડતુ હોય તે ચેકી નાખવું)

| | |
|---|---|
| સંપર્ક માટેનું પૂરૂ સરનામું | ફોન નં. : (....કોડ) (રહે.) (ઓ.) |
| | મો.નં : |
| પીન : | ઈ-મેઈલ : (અંગ્રેજીમાં) |

આ ફોર્મની આગળ અને પાછળની સંપૂર્ણ માહિતી સ્વચ્છ તથા સ્પષ્ટ અક્ષરોમાં ભરવી જરૂરી છે. નહિ તો ફોર્મ રદ બાતલને પાત્ર થશે. **ફોર્મની પાછળ માંગેલી વિગત પણ ભરવી**

---

જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ પ્રેરીત

**જૈન જાગૃતિ સેન્ટર - કલાનગરી, વડોદરા** આયોજીત

**ઓલ ઇન્ડીયા સમસ્ત જૈન ૧૮મો અપરિણીતોનો મેળો**

ફોર્મ નં.

૩૧૩ - ૩૧૪ વિશ્વમોહિની કોમ્પલેક્ષ, સુભાનપુરા રોડ, વડોદરા ૩૯૦ ૦૨૩ ફોન : (૦૨૬૫) ૨૨૮૧૬૧૮ (મો) ૯૮૨૫૭૧૧૭૫૦

ભાઈશ્રી / બહેનશ્રી ........................................ અપના તરફથી અપરિણિતોના મેળા માટેની પ્રવેશ ફી રૂા. ૧૦૦૦ (હજાર પૂરા) તથા ગેસ્ટ ફી ₹ ..................કુલ ₹ ........................................ આજ રોજ તા. .............. ના રોજ રોકડા / ડ્રાફ્ટ નં. ........................ તા.: ........................ બેંકનું નામ ........................................ થી મળેલ છે.

નાણા લેનારની સહી__________ નાણા આપનારનું નામ અને સહી__________

### ફોર્મ મેળવવાના તથા પરત કરવાના સ્થળો

- : મેળાવડાનું મુખ્ય કાર્યાલય : -

**શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ દોશી**
૫૪, ગજાનન સોસાયટી, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧
ફોન: ૨૬૬૩૬૩૮ મો. ૯૮૨૫૦૪૦૧૬૫
શ્રી ભરતભાઈ ડી. દોશી (ઉપ-પ્રમુખ) મો. ૯૮૨૪૦૧૦૯૫૦

**શ્રી ઉર્મિષ એસ. નાણાવટી**
આચાર ઘર, કુંથુનાથ જૈન દહેરાસરની બાજુમાં,
હાઇટેન્સન ચાર રસ્તા, સુભાનપુરા, વડોદરા.
ફોન : ૯૦૧૬૬૬૩૮૫૦, ૯૯૯૮૯૭૫૭૦૮

**શ્રી વિજય બી. શાહ**
૧૧૨, અલ્કાસોસાયટી,
અતિથીગૃહની સામે, પ્રોડક્ટીવીટી રોડ, અકોટા, વડોદરા.
મો. ૯૯૭૪૦૯૭૬૩૩

**શ્રી દિપેનભાઈ શાહ : એડ વેલ્યુ**
એસબી:૮-૧૫, સાંઈનાથ હાઈટ્સ, ઈસ્કોન મંદિરની બાજુમાં,
હરિનગર ચાર રસ્તા પાસે, ગોત્રી રોડ, વડોદરા. મો.: ૮૦૦૦ ૯૨૦ ૨૩૦

**શ્રી રાજુભાઇ ધુપવાલા**
જિનેન્દ્ર ઉપકરણ ભંડાર, કોલાખાડી, ઘડીયાળી પોળ, વડોદરા.
ફોન: ૨૪૧૭૫૭ મો. ૯૮૭૯૪૪૫૨૪૨/૯૪૨૭૪૪૪૮૮૪

**શ્રી શશીકાન્ત ચશ્માવાલા**
રાવપુરા - ટાવર ચાર રસ્તા, વડોદરા.

**શ્રી મુકેશભાઇ એલ. શાહ** ઓલ્વીન કેમીસ્ટ, ૧૪, કે.પી. શોપીંગ સેન્ટર, બ્રહ્મભટ્ટ છાત્રાલયની સામે, કારેલીબાગ. ફોન: ૨૪૬૦૧૭૨

| ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ | મેળાવડાનો શુભ દિવસ | સમય | |
|---|---|---|---|
| ૩૦.૧૧.૨૦૧૭ | રવિવાર, ૦૭-૦૧-૨૦૧૮ | સવારના ૦૮.૦૦ કલાકે (રજીસ્ટ્રેશન સવારે ૦૭-૩૦ કલાકે) | મેળાનું સ્થળ : સોના પાર્ટી પ્લોટ સી.કે. પ્રજાપતિ સ્કુલની બાજુમાં દર્પણ વાટીકા પાસે, લક્ષ્મીપૂરા, ગોરવા, વડોદરા. |

# જેજેસી નોર્થ ઈસ્ટ

૨, ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૭૭. ફોન : ૨૫૦૧ ૦૪૨૦ / ૨૫૦૧ ૦૦ ૭૮.

# પર્યુષણ મહાપર્વ અવસરે

## સેન્ટરના તપસ્વી સભ્યોની ભવ્ય અનુમોદના

જૈન ધર્મમાં ત્યાગ, તપ અને જપનું વિશેષ મહત્વ છે. આમ તો આખું વર્ષ વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યો તથા પવૃત્તિઓ ચાલતી જ રહે છે પરંતુ મહાપર્વ એવા 'પર્યુષણ' દરમ્યાન સહુકોઈ ધર્મના રંગે રંગાઈ જાય છે. સાધુ–સાધ્વીજીઓના વ્યાખ્યાનોમાં આત્માની ઉન્નતિને લગતી વાતોનું શ્રવણ કરતાં કરતાં એક યા બીજું તપ કરવાની ભાવના જાગે છે, પ્રેરણા મળે છે. પરિવાર અને સમાજ દ્વારા તપસ્વીઓની અનુમોદના કરવામાં આવે છે. જેજેસી નોર્થ ઈસ્ટ કારોબારી સમિતીએ એક કાર્યક્રમ દરમ્યાન આવા તપસ્વીઓનું બહુમાન કરીને તેમની અનુમોદના કરી હતી.



શ્રી રમેશભાઈ મોરબિયાએ સેન્ટરના દરેક સભ્યો તથા તેમના પરિવારજનો વતી તપસ્વીઓની અનુમોદના કરીને સહુની શાતા પૂછી હતી



શ્રીમતી ભાવનાબેન સોલંકી : ૪૫ આગમ તપ
શ્રી જયેન્દ્રભાઈ ભેદાના હસ્તે



શ્રીમતી કુસુમબેન શાહ : ૪૫ આગમ તપ
શ્રી રાજુભાઈ ગોહિલના હસ્તે



શ્રીમતી નિર્મલાબેન ગિન્દ્રા : ૪૫ આગમ તપ
શ્રી નિશીથભાઈ ગોળવાલાના હસ્તે



શ્રીમતી દક્ષા છેડા : ૩૦ ઉપવાસ
શ્રી જયરાજભાઈ દેવાણીના હસ્તે



શ્રીમતી ચેતનાબેન બી. મહેતા : ૩૦ ઉપવાસ
શ્રી હિતેશભાઈ ભેદાના હસ્તે



શ્રી ભદ્રેશ એન. શાહ : ૩૦ ઉપવાસ માસખમણ
શ્રી કિશોરભાઈ મહેતાના હસ્તે સન્માન

Advt.

# જેજેસી નોર્થ ઈસ્ટ

૨, ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૭૭. ફોન : ૨૫૦૧ ૦૪૨૦ / ૨૫૦૧ ૦૦ ૭૮.

# પર્યુષણ મહાપર્વ અવસરે

## સેન્ટરના તપસ્વી સભ્યોની ભવ્ય અનુમોદના



શ્રીમતી સ્મિતાબેન દોશી : ૧૧ ઉપવાસ
શ્રી જયરાજભાઈ દેવાણીના હસ્તે



શ્રી ધિમંતભાઈ શાહ : ૮ ઉપવાસ
શ્રી જયરાજભાઈ દેવાણીના હસ્તે



શ્રી સંજયભાઈ ગાલા : ૮ ઉપવાસ
શ્રી રાજુભાઈ ગોહિલના હસ્તે



શ્રીમતી નિલમબેન પી. વોરા : ૮ ઉપવાસ
શ્રી નિશીથભાઈ ગોળવાલાના હસ્તે



શ્રીમતી છાયાબેન કે. દોશી : ૮ ઉપવાસ
શ્રી જયરાજભાઈ દેવાણીના હસ્તે



શ્રીમતી જ્યોતિબેન પાસડ
૬ ઉપવાસ



શ્રીમતી ઉલ્કાબેન શાહ
૮ ઉપવાસ



શ્રીમતી દમયંતિબેન સાવલા : ૮ ઉપવાસ
શ્રી કિશોરભાઈ મહેતાના હસ્તે



શ્રીમતી નિરૂબેન વોરા : ૮ ઉપવાસ
શ્રી હિતેશભાઈ ભેદાના હસ્તે



શ્રી કેતનભાઈ શાહ : ૮ ઉપવાસ
શ્રી કિશોરભાઈ મહેતાના હસ્તે



શ્રીમતી રચનાબેન શાહ : ૮ ઉપવાસ અને મૌન
શ્રી કિશોરભાઈ મહેતાના હસ્તે

જેક ગ્રાફ (ઘાટકોપર) : ૨૫૦૧ ૦૨૨૨

Advt.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર

# જૈન જાગૃતિ સેન્ટર–સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ પ્રેરિત
# જૈન જાગૃતિ સેન્ટર–સયાજીનગરી, વડોદરા આયોજીત
# સમસ્ત જૈન યુવા અપરણિતોનું પરિચય સંમેલન

**ફોર્મ પરત કરવાના સ્થળે જ ફોર્મ પરત પહોંચાડવાની છેલ્લી તારીખ ૫-૧૧-૨૦૧૭**

**ફોટો ગ્રાફ**
(૧) ઉમેદવારનો પાસ પોર્ટ સાઈઝ ૩૫ ×૪૫ સેમી. વ્હાઈટ બેકગ્રાઉન્ડમાંનો એક સુંદર ફોટો અહીં ચોટાડવો
(૨) બીજો એક વધારાનો ફોટો તેની પાછળ, નામ જન્મ તારીખ લખી સ્ટેપ્લરપીનથી આ ફોર્મ સાથે ફોટો બગાડે નહિ તે રીતે લગાવવો.
(ફોટોગ્રાફ આપવો ફરજીયાત છે.)

☐ યુવક ☐ યુવતિ

| | | | |
|---|---|---|---|
| ઉમેદવારનું પુરૂ નામ અટક પહેલા લખવી | | | |
| માતાનું નામ | | | |
| મૂળ વતન (ગામ–જિલ્લો) | | હાલમાં સ્થાયી | |
| જન્મ તારીખ – વર્ષ ૧.૮.૮૩ થી ગણતા ૩૫ વર્ષની નીચે | | ઉંમર | |
| ઊંચાઈ (ફૂટ/ઈંચ) | વજન કિ.ગ્રા. | જ્ઞાતિ/પેટાજ્ઞાતિ | |
| અભ્યાસ (ડીગ્રી) | | મંગળ છે | હા / ના |
| વ્યવસાય (ઉમેદવારની પોતાની હાલની જે વિગત હોય તે જણાવવી) | નોકરી /ધંધો | | |
| બીજા ભાઈ કેટલા (સંખ્યા લખવી) | | બીજા બહેનો કેટલી (સંખ્યા લખવી) | |
| સંપર્ક માટેનું પૂરૂ સરનામુ | | ફોન નં.: (STDકોડ) | (રહે.) / (ઓ.) |
| | | મો.નં. : | |
| પીન : | | ઈ–મેઈલઃ (અંગ્રેજી) | |

**આ ફોર્મની માહિતી સ્વચ્છ તથા સ્પષ્ટ અક્ષરોમાં ભરવી જરૂરી છે.**

---

## જૈન જાગૃતિ સેન્ટર–સયાજીનગરી, વડોદરા આયોજીત સમસ્ત જૈન યુવા અપરણિતોનું પરિચય સંમેલન

ભાઈશ્રી/બહેનશ્રી ..........................................

.................................................. ગામ /શહેર ..........

આપના તરફથી અપરિણિતોના મેળાવ માટેની પ્રવેશ ફી રૂા.૧૫૦૦ (પંદરસો પૂરા) તથા ગેસ્ટ ફી સામેલ છે. બીજા ગેસ્ટ માટે રૂા.૫૦૦/– અલગથી ગણવા અને તે પ્રમાણે જૈન જાગૃતિ સેન્ટર, સાયજીનગરી, વડોદરા ના નામનો કેશ/ચેક / ચેક / ડીડી મોકલવો. કુલ રૂા.............................. ના રોકડા / ચેક /ડ્રફ્ટ નં........................તા.................... બેંકનું નામ..................................

આ પહોંચ રૂબરૂ આવો ત્યારે સાથે લાવવી.

નાણા લેનારની સહી.......................................... નાણા આપનારનું નામ અને સહી..........................................

## ફોર્મ મેળવવાના તથા પરત કરવાના સ્થળો

| | | |
|---|---|---|
| શ્રી મિલનભાઈ શાહ – સંગીની ટ્રાવેલ્સ<br>૨૯/૩૦, રેસકોર્સ ટાવર, રેસકોર્સ,<br>વડોદરા. મો.:૮૯૦૫૭૩૩૧૧૧ | શ્રી રાજેષભાઈ મહેતા (ટાઈપ હાઉસ)<br>૨૮, હારમોની કોમ્પલેક્ષ, એમ. સી. હાઈસ્કુલ સામે,<br>નૂતન ભારત સોસાયટી, અલકાપુરી, વડોદરા.<br>મો :૯૮૨૫૦૪૬૪૭૯ | શ્રી હીરલભાઈ શાહ (અરિહંત સર્જીકલ્સ)<br>૧૦/૧૭–પ્રશાંત પ્લાઝા,<br>ગર્વમેન્ટ–પ્રેસ સામે, કોઠી, આનંદપુરા<br>મોઃ૯૪૨૬૦૦૭૪૨૭ |

| | | | |
|---|---|---|---|
| **ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ**<br>**૫.૧૧.૨૦૧૭** | **સંમેલન તારીખ**<br>**૨૬.૧૧.૨૦૧૭** | **સમય :**<br>સવારના ૦૮.૦ કલાકે<br>(રજીસ્ટ્રેશન સવારે ૦૭.30 કલાકે) | **પરિચય સંમેલનનું સ્થળ**<br>**વડોદરા.** |

Advt.

# "તમારે કેટલા મિત્રો-સ્નેહીઓ છે???...."

■ ભાવેશ કે. શાહ (જે.જે.સી. ગોલ્ડન ગારોડિયા ઘાટકોપર)

હિતાંશુ ફક્ત ૩૭ વર્ષનો, બે બાળકીનો પિતા હતો. હા, હતો.... કારણ કે આજે વહેલી સવારે ૬-૩૦ વાગ્યે તેનું હાર્ટફેઈલ થઈ ગયું. બે બહેનોનો એકનો એક ભાઈ, ઘરમાં નિવૃત્ત પિતા-માતા-પત્ની અને બે દીકરી સાથે રહેતો, હાર્ડવેર સપ્લાયનો ધંધો કરતો, સરળ જીવન જીવતો, આમ અચાનક કેમ આ ફાની દુનિયા છોડી ગયો??? પણ ના,..... આ બધું જ સાવ જ અચાનક નહોતું બન્યું. બે દીકરીઓને ભણાવવા - પરણાવવાના ખર્ચ પછી, સ્વમાનભેર નિવૃત્તિ લઈ શકાય તેવા વિચારથી ધંધામાં સતત સંઘર્ષ કર્યે જ જતો હતો. ધંધો વધારી આવક વધારવાના વિચારે ધંધો ફેલવતો ગયો, તેમ તેમ ઉઘરાણીની રકમ પણ વધતી જ ચાલી! કમાણી પણ પ્રમાણમાં વધી હોવા છતાંય, વ્યવહાર તેમ જ દીકરીઓના ભણતરના ખર્ચ પછી બચતો બહુ જ થોડી થતી હતી! પોતે રહેતો હતો, તે ફ્લેટ બેન્કમાં મોર્ગેજ કરીને ઓવરડ્રાફ્ટ લઈને ધંધામાં રોકાણ વધારીને જ આવક વધારી શકાય તેમ હતું, તેથી તે પણ કર્યું! હવે, કમનસીબી જુઓ, ધંધામાં ઉઘરાણીઓ અટકવા માંડી, કેટલીક પાર્ટીઓ કાચી પડી, તેણે લીધેલી લોનના વ્યાજ ભરવા પણ મુશ્કેલ થવા લાગ્યા! છતાં, સ્વમાની જીવ સંઘર્ષ કરતો રહ્યો, ભીંસ વધવા લાગી, મુંઝવણ વધતી ગઈ, પણ કોને કહેવું??? હા, કહેવા માટે તેના મિત્રો-સ્નેહીઓની સંખ્યાનો તો પાર જ નહોતો! વ્હોટ્સએપના ૮-૧૦ ગ્રુપના સરેરાશ ૭૦-૭૨ જણાં લેખે ૫૦૦-૬૦૦ લોકો, બીજા વ્યક્તિગત સંબંધો વગેરે ઘણાં જ ઓળખીતા લોકો હતા! હજી ૨૦ દિવસ પહેલાં જ તેનો જન્મદિવસ હતો ત્યારે વ્હોટ્સએપ પર લગભગ બધાના જ અભિનંદનના મેસેજોથી મોબાઈલ જામ થઈ ગયો હતો!!! અને ૮ દિવસ પહેલાં ફ્રેન્ડશીપ ડેના મેસેજો વાંચી-વાંચીને તો ગળગળો થઈ ગયો હતો!! પારાવાર મુંઝવણષ અકથ્ય અકળામણ વચ્ચે કઈ જ ના સુઝતા આખરે સ્વમાનને બાજુએ મૂકી તેણે ૫ દિવસ પહેલાં દરેક ગ્રુપમાં એક મેસેજ મુક્યો, ''મને ૫ લાખ રૂપિયાની જરૂર છે, જે કોઈપણને અનુકૂળતા હોય તે મને આપે, હું લગભગ ૮થી ૧૦ મહિનામાં પરત કરી દઈશ!'' પણ અફસોસ.... આજે ૫ દિવસમાં એકપણ જણનો જવાબ કે ફોન પણ ના આવ્યો!!! આટલા બધાં મિત્રો-સ્નેહીઓ, પણ કદાચ વ્હોટ્સએપના મેસેજની કોઈ જ વિશ્વસનીયતા જ રહી નથી! બસ... અને આ લાગણીહીન, આભાસી દુનિયામાં પોતાના વૃદ્ધ મા-બાપ, પત્ની અને નિસહાય દિકરીઓને છોડીને ચાલ્યો ગયો!

પણ, હા કહેવું પડે, જેમજેમ લોકોને ખબર મળતી ગઈ તેમ તેમ મિત્રો-સ્નેહીઓ હાજર થવા લાગ્યા. થોડાક જ સમયમાં બિલ્ડીંગ નીચે હાજર લોકોની સંખ્યા જોઈ પાડોશીઓ પણ અચંબામાં પડી ગયા!! લોકોએ ભેગાં થઈ બધી જ કામગીરી પાર પાડી દીધી! અંગત સગાઓ પણ ધીમે ધીમે વિદાય થયા! બધું જ પુર્વવત થઈ ગયુ, સિવાય કે હિતાંશુના ઘરની અંદરનું વાતાવરણ!

મિત્રો, આજે શુભેચ્છાઓ ફક્ત એક ક્રિયા, એક વ્યવહારથી વિશેષ કંઈ છે??? અને, આપણે જૈનો તો દરેક બાબતે કરવું, કરાવવું અને અનુમોદવુ તેમ માનીને શુભકાર્યમાં લોકોને શુભેચ્છા આપીએ છીએ! આરંભ-સમારંભ એ આપણા ધર્મમાં પણ નિષેધ રૂપ ગણાય છે! પણ, આપણે દરેકને બર્થ ડે, મેરેજ ડે. ફ્રેન્ડશીપ ડે, વગેરેની શુભેચ્છા આપીએ, અને લોકો ઊજવણી કરે તો એ પણ અનુમોદન ગણાય કે નહીં? તેનાથી બંધાતા કર્મના આપણે પણ ભાગીદાર ગણાઈયે કે નહીં? આનો જવાબ આપણે આપણા અંતરાત્માને (જો, હજી જીવંત હોય તો) પૂછવો જોઈએ, અને મુંઝવણ થાય તો સાધુ-સંતોનું માર્ગદર્શન લઈ શકાય!

સબકો સન્મતિ દે ભગવાન...!

# દિપાવલી પર્વ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

દીપોત્સવી પર્વ આપણા ભારતમાં અનેક વર્ષોથી પ્રકાશ અને પ્રગતિના સોપાનરૂપે ઉજવાતું રહ્યું છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનારું પર્વ એટલે દિવાળી. જેમ વર્ષાઋતુ  ઋતુઓની રાણી ગણાય છે તેમ તહેવારોનાં રાજા દિપાવલી ગણાય છે. દિપાવલી એ મૂળ શબ્દ દીપમાળા કે દીવડાની હારમાળા પરથી બન્યો છે. શુષ્ક અને નીરસ માનવજીવનમાં પર્વો આનંદ ઉત્સાહ અને પ્રાણ પૂરાં પાડે છે. આપણો દેશ પર્વોનો દેશ ગણાય છે. માટે જ ભારતીય સંસ્કૃતિમાં દિપાવલીનું મહત્ત્વ ખૂબ જ છે.

દિપાવલી એક જ દિવસનો ઉત્સવ નથી. આસો વદ એકાદશીથી અમાવસ્યા સુધીના અથવા તો ધનતેરસથી આસો સુદ બીજ સુધીના દિવસો સામુહિક ઉત્સવ તરીકે ઉજાવાય છે. આબાલ-વૃદ્ધ સૌ કોઈ આ તહેવાર અરસ-પરસના સાથ-સહકારથી આનંદિત થઈને ઉજવે છે. સૌ કોઈ આ ઉત્સવને માણે છે.

દીપોત્સવી એટલે નવા વિચારો, નવા ઉમંગોની અભિલાષા, નવા અરમાન નવી આશા, નવા સ્વપ્નોથી જીવનને મહેકાવતું પર્વ.

આ મહાન પર્વ એટલે અનેક પ્રસંગોનો શુભ દિન. મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ ભગાવન ચૌદ વર્ષ વનવાસ પૂરો કરી દિવાળીના દિવસે અયોધ્યામાં પાછા ફર્યા હતા. ભગવાન મહાવીર સ્વામી દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતા અને દિવાળીના બીજે દિવસે ગણધર ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું હતું, વામન અવતાર વિષ્ણુએ દૈત્યવંશના રાજા બલિનો સંહાર પણ આ દિવસો દરમ્યાન કર્યો હતો. આમ આ પર્વ સાથે અનેકાનેક કથાઓ સંકળાયેલી છે.

દિપોત્સવીના મંગલમય પ્રતીકો પણ ઘણું બધું કહે છે જેમ કે,

**દીપક :** જો તમારી પાસે જ્ઞાનનો પ્રકાશ હશે તો તમને કોઈ અંધકારનો ભય રહેશે નહિ.

**ફૂલ :** તમારી પાસે ચારિત્રરૂપી સુગંધ હશે તો આ દેહરૂપી પુષ્પની અવધિ પૂરી થયા પછી પણ તમારું અસ્તિત્વ સદા મહેકતું રહેશે.

**અગરબત્તી :** મારી જેમ સ્વયં બળીને બીજાને સુવાસ અપાય તો સારી વાત છે, પરંતુ કદાચ તેમ ન થાય તો બીજાની સુવાસ જોઈને તમે કદી બળી ન મરશો.

**સ્વસ્તિક :** કદાપિ સંકુચિત ન બનો. મારી જેમ ચારે બાજુથી શુભતત્વને ગ્રહણ કરવા માટે ખુલ્લા મનથી રહો. ગુણગ્રાહી બનજો.

**તોરણ :** તોરણ એ આવકારનું પ્રતિક છે. શુભતત્ત્વની નિશાની છે. આસોપાલવનું તોરણ જીવનને લીલુંછમ બનાવવાની પ્રેરણા આપે છે.

**રંગોલી :** રંગોલી એ એક કળા છે. રંગોલીના નવરંગો આનંદ આપે છે, રંગોલી મનના જુદા જુદા ભાવ પ્રકટ કરે છે. 'રંગોલી'નો સંદેશ છે કે જીવનને રંગીન બનાવો.

**શુભ-લાભના પ્રતીકો :** આંગણામાં શુભ-લાભ લખવાથી શ્રી ગણેશને આહ્‌વાનરૂપ છે. તે મંગલદાયક છે. શુભ અને લાભ શુભેચ્છાનું પ્રતિક છે. નવું વર્ષ શુભ અને લાભદાયક બનો એવી મંગલ ભાવના છે.

'શ્રી જાગૃતિ સંદેશ' માસિકના સર્વે વાંચકોને મારી દિવાળીની શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન...

# અંતરના જ્યોત જગાવતી આવી દીપાવલી

■ મિતેશભાઈ એ. શાહ

ઉત્સવ વિનાનું માનવજીવન શુષ્ક બની જાય છે. શુષ્ક અને નીરસ માનવજીવનમાં પર્વોએ આનંદ-ઉત્સાહ અને પ્રાણ પૂરાં પાડે છે. આપણો દેશ પર્વોનો દેશ છે.

તેમાં દીપાવલી એ સર્વમાન્ય જ્ઞાન અને પ્રકાશનું પાવન પર્વ છે. આ પાવન પર્વના દિવસોમાં જનસમાજનું હૈયું આનંદ અને ઉત્સાહથી પ્લાન્વિત બની જાય છે. હૃદયમાં દિવ્ય ચેતનાનો સંચાર થઈ રહ્યો હોય તેવો અનુભવ થાય છે. આપણા દેશમાં ઉત્સાહપૂર્વક દીપાવલી પર્વની ઉજવણી કરવામાં આવે છે.

આ મહાન પર્વની ઉજવણી અંગેના કારણો વિચારીએઃ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ભગવાન ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરી અયોધ્યા પાછા ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ દીવા પેટાવીને મહાન ઉત્સવ કર્યો. ત્યારથી આ તહેવાર ઉજવાય છે. જૈનોના ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી દિવાળીના દિવસે નિર્વાણ (મોક્ષ) પધાર્યા હતા અને દિવાળીના બીજા દિવસે તેઓના ગણધર શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું. સ્વામી રામતીર્થનો જન્મદિન અને જળસમાધિ દિવસ પણ દિવાળી હતો. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનો દેહવિલયદિન તે દિવાળી ગણાય છે. શીખોના ગુરુશ્રી હરગોવિંદસિંહ જહાંગીરની કેદમાંથી છૂટીને દિવાળીના દિવસે અમૃતસરના સુવર્ણમંદિરમાં પ્રવેશ કર્યો હતો. રાજા વીર વિક્રમનો રાજ્યાભિષેક પણ દિવાળીના દિવસે થયો હતો. વામન અવતાર વિષ્ણુએ દૈત્યવંશના રાજા બલિનો સંહાર પણ આ પર્વ દરમિયાન કર્યો હોવાનું માનવામાં આવે છે.

સમયનો પ્રવાહ અવિરતપણે વહ્યે જ જાય છે, સમયના પ્રવાહની સાથે ચાલનાર વ્યક્તિ જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. સમયનો નાશ તે સર્વ નાશ છે.

વેપારીઓ તો આખા વર્ષનો હિસાબ માંડીને ભૌતિક નફા-તોટાનો હિસાબ કરશે, પણ આપણે આપણા જીવનનો હિસાબ માંડીશું ખરાં? વીતેલા વર્ષમાં આપણા જીવનમાં કેટલા સદ્‌ગુણોનો સરવાળો અને કેટલા અવગુણોની બાદબાકી થઈ? કેટલો આધ્યાત્મિક વિકાસ થયો? જીવનમાં સેવા-પરોપકારના કેટલા કાર્યો કર્યા? આપણા જીવનની ગાડી આત્મકલ્યાણક અને પરકલ્યાણકના પાટા પર ચાલી રહી છે કે માત્ર સ્વાર્થ અહંકારના પાટા પર?

દીપાવલી એ પ્રકાશનું પર્વ છે, પણ ખરેખર આપણે હૃદયમાં સત્યરૂપી પ્રકાશનું કિરણ પામ્યા છીએ ખરા? દિવાળીના દિવસોમાં ઘરનો કચરો તો કાઢીએ છીએ, પણ આપણા અંતરમાં રહેલ દુર્ગુણો રૂપી કચરાને ખૂણે ખાંચરેથી કાઢીએ છીએ ખરાં? આંગણામાં તો મનમોહક રંગોળી કરીએ છીએ, પણ અંતરમાં વેરઝેરની ભાવના દૂર કરી સદ્‌ભાવનાના રંગો ભર્યા છે ખરાં? મીઠાઈનો સ્વાદ તો માણીએ છીએ પણ આત્માની શાંતિનો સ્વાદ ચાખ્યો છે ખરો? દીપાવલીના દીવા બહારમાં તો પેટાવીએ છીએ, પણ હૃદયમાં વરસોવરસના કાળા અંધકારના થર પર થર બાઝી રહ્યા છે તેનો કદી વિચાર કર્યો છે ખરો? લોકો બહારમાં ફટાકડાં ફોડે છે, પણ આત્મામાં રહેલ કર્મોરૂપી શત્રુને ભસ્મીભૂત કર્યા છે ખરાં? બહારમાં તો ઘણી દિવાળી ઉજવી, પણ જ્યારે આપણે સાચા સંતપુરુષના આશ્રય અને માર્ગદર્શન અનુસાર, સત્યના પંથ પર ચાલી સત્યનો સાક્ષાત્કાર કરીશું ત્યારે આધ્યાત્મિક દૃષ્ટિએ સાચી દિવાળી ઉજવી ગણાશે, સત્સંગ, સદ્‌વિચાર, સદ્‌વાચન અને સદાચારને આપણા જીવનમાં સ્થાન આપીશું તો ક્રમે કરી આપણી ઉન્નતિ થશે.

નૂતન વર્ષે આપણે હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરનાર જ્ઞાનરૂપી દીવો પ્રગટાવી જીવનને સદ્‌ગુણોની સુવાસથી મઘમઘતું બનાવવાનો સંકલ્પ કરીએ.

# જીવન દ્રષ્ટિ

■ ડૉ. હિલ્લા મીનુ વાડિયા

(આ લખાણ મારા જીવનમાં બનેલી સત્ય ઘટના પર આધારિત છે. એ લખવા પાછળનો મારો હેતુ કોઈની પ્રશંસા કરવાનો નહિ પણ પથરાવીશ હાલતમાં વ્યક્તિ હકારાત્મક વલણ દ્વારા શી રીતે સંતોષથી જીવી શકે એ બતાવવાનો છે.)

''મમ્માની હાલત બહુ ગંભીર છે જેમ બને તેમ જલદી ઉપડી આવો. તમે આવો ત્યાં સુધી....'' ભાઈનો અવાજ તૂટી ગયો. ટેલિફોન કટ થઈ ગયો. ટેલિફોન રીસીવર નીચે મૂકી થોડી વાર મૂઢ જેવી ઊભી રહી, પણ એ રીતે સમય બગાડવાનો અર્થ ન હતો. જીવ પર પત્થર મૂકી જેમ તેમ બેગ ગોઠવી. હોઠો માના આયુષ્ય માટે બંદગીમાં હાલતા હતા. અમે ત્રણે બહેનો અમારા કુટુંબ સહિત સુરત જવા માટે સ્ટેશન પર આવ્યાં. કોઈને એકબીજા સાથે વાત કરવાના હોશ ન હતા. ટ્રેઈનમાં ગોઠવાયા. એક પછી એક સ્ટેશનો જઈ રહ્યા હતા. બારીની બહાર દેખાતી ટેક્સીઓ લીલા ઘાસના ઓઢણાથી ઢંકાયેલી હતી. ટેક્સી પરથી રૂના ગોટા જેવા પસાર થતા વાદળો કે પાણીના ખાબોચિયામાં રમતા બાળકો એ બધું જોવા માટે આંખો ન હતી. આંખો સાથે તો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી મારી માનો ચહેરો જ દેખાતો હતો. અમે જઈએ ત્યારે તેઓ આ દુનિયામાં હશે કે? અમને ઓળખશે કે? અમારી સાથે વાત કરવાની હાલતમાં હશે કે? એ બધા વિચારોનું તુમુબ યુદ્ધ ચાલતું હતું. સુરત સ્ટેશનને પહોંચ્યે ત્યારે કોઈ માઠા સમાચાર તો જાણવાં ન મળે ને એક વખત ખુદા દયાળુ બને અને માને જીવતાં જીવંત મળી શકીએ એ જ પ્રાર્થના હતી. ટ્રેઈન રોજની જ ગતિએ ચાલતી હોવા છતાં અમારી અધીરાઈને કારણે ગોકળગાયની ગતિએ જ ચાલતી લાગતી હતી.



સ્ટેશને મારા ભાઈનો મિત્ર અમને લેવા આવ્યો હતો. હજી તો અમે સ્ટેશન પર પગ મૂકીએ ન મૂકીએ તે પહેલાં જ અમે એને માના વિશે અનેક સવાલો પૂછ્યાં. એણે ફક્ત એટલે જ કહ્યું, ''હમણાં ઠીક છે તમે ઘરે તો ચાલો.'' મમ્માને મળી શકીશું એ સંતોષ સાથે ઘેર ગયાં. મમ્મી સુધ્ધિમાં જ હતા. અમને બધાંને મળીને ખૂબ ખુશ થયા. ત્રણ ચાર દિવસ પછી તબિયત વધુ બગડી. સુધ્ધ, બુધ્ધ ખોઈ બેઠા. અસંબધ વાતો કરવા લાગ્યા. ભાઈ, ભાભી બન્ને ડૉક્ટર હોવાથી તેમણે બનતા બધા જ પ્રયત્નો કર્યા. સારા નસીબે તબિયત સુધારા પર આવી અને અમે અમારા ઘેર પાછા આવ્યાં.

ત્યાર પછી તો તેઓ લગભગ બે વર્ષ જીવ્યા તે દરમ્યાનમાં અમે ત્રણે બહેનો

વારાફરતી એમને મળવા સુરત જતા. એ બે વર્ષમાં એમણે એમની આંખોનું તેજ જે એમ પણ ઝાંખુ થઈ ગયું હતું. તે હંમેશનું ગુમાવ્યું. હવે ઘરમાં ચાલી પણ શકતા ન હતા. તદ્દન પથારીવશ બન્યા. હાથ હલાવીને માખ પણ ન ઉડાડી શકે એવી હાલતમાં થઈ ગયા. આમ આ માંદગી દરમ્યાન તેમણે આંખ અને પગ બન્ને ગુમાવ્યા.

એક દિવસ તેઓ સૂતેલા હતા ત્યારે એમના પલંગ પાસે બેસી હું વિચારતી હતી કે 'આ મારી મા જે આજે લાચાર પડી છે એણે ભૂતકાળમાં કેટલાય દુઃખી અને જરૂરિયાતમંદોને સહાય કરી છે. કોઈકને ખાવાનું આપીને કે કોઈકને પૈસા આપીને કે કોઈકને વસ્તુઓ આપીને મૂંગે મોંએ મદદ કરી છે. બીજાને સુખે સદા સુખી! બીજાના દુઃખે પોતે દુઃખી થતા. તો એવી એક વ્યક્તિને ખુદાએ શા માટે આ હાલતમાં મૂકી? પોતાની આવી લાચાર પરિસ્થિતિ માટે તેમણે કદી ખુદાને ફરિયાદ કરી નથી. સામાન્ય રીતે આવી હાલતમાં માણસનો સ્વભાવ ચીડીયો થઈ જાય, વાત, વાતમાં બીજાનો વાંક કાઢે. ત્યારે તેને બદલે તેઓ આવી હાલતમાં પણ સદા હસતા ને હસાવતા રહેતા.

એમની આંખો ખૂલતા મેં મારા આ વિચારો એમની સામે પ્રગટ કર્યા, અને ખુદા સામે ફરિયાદ કરી કે ''ખુદાએ તમે કીધેલા સેવા કર્મનો આ બદલો આપ્યો. એ સાંભળી તેઓ મારા પરુ ગુસ્સે થઈ ગયા. અરે તું ખુદા સાથે આ રીતે ફરિયાદ જ શી રીતે કરી શકે? ખુદાએ તો મેં કરેલા કાર્યોનો પુરેપૂરો બદલો ચૂકવી આપ્યો છે.'' આ સાંભળી હું ગુસ્સાથી સળગી ઊઠી. ''હા, ખુદાએ તમને અપંગને અપાહીજ બનાવીને બદલો ચૂકવી આપ્યો!''

આ સાંભળી તેઓ મારા પર નારાજ થઈ ગયા અને બોલ્યા, ''એ દીકરા, મારી આ સ્થિતિ જોઈ તુ દુઃખી થઈ આ પ્રમાણે બોલી રહી છે. પણ વાસ્તવમાં બીજી અનેક ભેટો ખુદાએ મને આપી છે તે તું જોઈ શકતી નથી. તું જુએ છે કે મારો દીકરો અને મારી વહુ મારી કેટલી કાળજી કરે છે. મારા દીકરાના છોકરાંઓ રાત્રે મારી પાસે બેસી વાતો કરે ને મને હસાવે. કોઈકવાર તો 'ગ્રેની મોં ખોલો' એમ કહી મારા મોંમાં ચોકલેટના ટૂકડો રોખી દે હું તો પલંગ પર પડ્યા પડ્યા પણ ધર્મનું જે ભણતર મને મોઢે છે તે બોલતી રહું. કેટલીકવાર ભૂતકાળમાં બનેલા સારા પ્રસંગોને વાગોળીને ખુશ થાઉં. મને મળવા આવનાર સાથે આનંદથી વાતો કરું. આજે મારા કરતા સારી તબિયતના પણ મારા જેવા વૃદ્ધોને છોકરાંઓ 'ઘરડા ઘર'માં ધકેલી દે છે અને એમની કાળજી લેવાની તો બાજુએ રહી પણ તેમને મળવા જવા જેટલી પણ ફુરસદ ધરાવતા નથી. દીકરા, જિંદગીમાં આપણે જેમ ધાર્યું હોય એ પ્રમાણે ન થાય તો હારી નહિ જવું. નિરાશામાં ડૂબી જવાને બદલે ખુદાએ આપણે માટે જે સ્થિતિ નિર્માણ કરી છે તેને સ્વીકારીને આગળ વધવું જોઈએ. જીવન મોજથી જીવવું હોય તો નકારાત્મક (ગડક્ટ્રદ્દણ્ધ્ડ) નહિ પરંતુ હકારાત્મક (ઘ્ત્મણદ્દણ્ધ્ડ) જીવન દૃષ્ટિ કેળવવી જોઈએ. નકારાત્મક દૃષ્ટિ જીવનમાં દુઃખ અને નિરાશાને નોતરે છે. માનવજીવન એ ખુદાએ આપેલી મોટી મૂડી છે અને જીવનમાં હકારાત્મક દૃષ્ટિ દ્વારા એ મૂડીને અનેકગણી વધારી શકાય છે. શું હંમેશા એમ માનું છું કે ખુદા મારી સાથે જ છે અને તે કદી મારો હાથ છોડનાર નથી. ગુલાબની ડાંખળી પરના કાંટા જોવાને બદલે આપણે એ કાંટાળી ડાળી ઉપર ખીલી રહેલા ગુલાબને જોવું જોઈએ. આમ આપણે જીવનને દૃષ્ટિએ જોઈએ છીએ તે પર આપણા સુખ, દુઃખનો આધાર છે. મૃત્યુને આપે આવેલી મારી માની જીવન પ્રત્યેની આ દૃષ્ટિ સામે મને મારી પી.એચ.ડી.ની ડીગ્રી વામણી લાગી.

# ભગવાન મહાવીરની વાણીઃ આજના સંદર્ભમાં

■ ચીમનભાઈ ચકુભાઈ શાહ

આજના સંદર્ભમાં ભગવાન મહાવીરની વાણીનો વિચાર કરીએ ત્યારે ખરી રીતે ભગવાને પ્રરુપેલ ધર્મનું સનાતન અને શાશ્વત તત્ત્વ શું છે તે પૂછીએ છીએ. ઇતિહાસવિદ ડૉ. ટોયન્બીએ કહ્યું છે કે, ઇતિહાસકાર કરતા કવિ અને તત્ત્વજ્ઞનું જીવનદર્શન વિશદ હોય છે અને સંતો અને પયગંબરોનું તેના કરતાં પણ વિશદ. જીવના રહસ્યનો તાગ પામવા મથતો માનવી ધર્મનાયકોની અનુભવવાણીમાંથી પ્રેરણા અને સાંત્વન મેળવે છે.

ભગવાન મહાવીરે કોઈ ઈશ્વરનો સંદેશ કે વાણી આપવાનો દાવો નથી કર્યો. ભગવાન મહાવીર ઈશ્વરના અવતાર ન હતા. મહાવીરનો ધર્મ અપૌરુષૈય નથી. તેમનો સંદેશ પોતાની સ્વયં સાધનામાંથી પ્રાપ્ત થયેલ અનુભવ-આધારિત છે. મહાવીરે એમ નથી કહ્યું કે હું પૂર્ણ જ્ઞાની છું, માટે હું જે કહું છું તે તમે સ્વીકારો. મહાવીર પૂર્ણજ્ઞાની થયા અને દરેક વ્યક્તિ, દરેક જીવ, સાચી સાધના કરે તો એ પદને પ્રાપ્ત કરી શકે છે એ તેમનો ઉપદેશ હતો. મહાવીરનો ધર્મ પુરુષાર્થનો ધર્મ છે. તીર્થંકરપદને પ્રાપ્ત કર્યું તે ભવમાં મહાવીરે સાડા બાર વર્ષની ઉગ્ર તપશ્ચર્યા કરી તે પૂર્વે ૨૭ ભવની સાધના પડી છે.

મહાવીરે એમ નથી કહ્યું કે, મારા સંપ્રદાયમાં આવશો અથવા મારું શરણ લેશો તો જ મુક્તિ મળશે. મહાવીરે કહ્યું છે કે, ધર્મનું આચરણ કરશો તો મુક્તિ મળશે. નામ કે રૂપ સાથે ધર્મની વ્યાપ્તિ નથી, તેની વ્યાપ્તિ અધ્યાત્મ સાથે છે. સાંપ્રદાયિક અભિનિવેશને મહાવીરના ધર્મમાં કોઈ સ્થાન નથી. ધર્મને વેશ કે પરિવેશ સાથે પણ સંબંધ નથી. મહાવીરે કહ્યું કે, માત્ર શિરમુંડન કરવાથી કોઈ શ્રમણ થતું નથી, ૐનો માત્ર જાપ કરવાથી બ્રાહ્મણ થવાતું નથી. માત્ર અરણ્યવાસ કરવાથી કોઈ મુનિ થતું નથી. માત્ર વલ્કલ કે ચીવર પહેરવાથી કોઈ તપસ્વી થતું નથી. સમતાથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થાય છે, જ્ઞાનથી મુનિ થાય છે, તપસ્યાથી તાપસ થાય છે. મહાવીરના ધર્મમાં કોઈ ઉચ્ચ નથી, કોઈ નીચ નથી. જાતિભેદ, કુલભેદ કે ગોત્રભેદને કોઈ સ્થાન નથી. માણસ પોતાના કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર થાય છે, જન્મથી નહીં. આ જીવ અનેક યોનિમાં ભટકી આવ્યો છે. બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છે, ચંડાળ કુળમાં જન્મ્યો છે, મનુષ્ય થયો છે. પશુ થયો છે, દેવ થયો છે, અસુર થયો છે. આત્માથી સૌ સમાન છે. પોતાના કર્મથી નામ રૂપ, જાતિ પ્રાપ્ત કરે છે. મહાવીરના સંઘમાં ચારે વર્ણને સમાન સ્થાન છે. સ્ત્રી અને પુરુષને, બ્રાહ્મણ અને શુદ્રને સમાન અધિકાર છે. સૌ મુક્તિના અધિકારી છે. સર્વ જીવની સમાનતા અથવા આત્મૌપમ્યની ભાવના મહાવીરના ધર્મના પાયામાં છે.

સ્ત્રી અને પુરુષ, ભણેલ અને અભણ, ગરીબ અને તવંગર, સર્વજન ધર્મનું હાર્દ સમજી શકે તે માટે, મહાવીરે પંડિતોની સંસ્કૃત ભાષા છોડીને સમયની લોકભાષા, અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો.

મહાવીરે અહિંસાને પરમ ધર્મ કહ્યો છે. મહાવીરે અનુભવે નિહાળ્યું કે સર્વ જીવ જીવવા ઈચ્છે છે. કોઈ મરવાનું ઈચ્છતું નથી. સૌને સુખ ગમે છે, કોઈને દુઃખ ગમતું નથી. કોઈ આપણને દુઃખ આપે કે હાની કરે તે પ્રિય નથી તો બીજાને આપણાથી દુઃખ આપવાનું કે હાનિ કરવાનું કેમ ઈષ્ટ હોય? બીજાના પ્રત્યે હિંસા કરીએ તો આપણે પણ ભોગવવું પડે. આથી જીવન દુઃખમય થાય. વેરથી વેર વધે, હિંસાથી હિંસા વધે, પ્રેમ અને અહિંસા જીવનવ્યવહારનો સોનેરી માર્ગ છે.

મહાવીરે એ પણ અનુભવ્યું કે, અહિંસા માત્ર શારીરિક હોય તો સફળ થતી નથી. મનમાં અને વાણીમાં હિંસા કે વેરભાવ ભર્યા હોય તો અંતે વર્તનમાં આવે જ. મન, વચન, કાયાથી વિચારવાણી અને વર્તનની એકરૂપતા સાચી અહિંસાને પ્રગટાવે છે.

મહાવીરે એ પણ નિહાળ્યું કે, અહિંસા માત્ર માનવવ્યવહાર પૂરતી સીમિત રહે તો સફળ ન થાય. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ પ્રત્યે જે વ્યક્તિ ક્રૂરતા આચરે તે વ્યક્તિ માનવી પ્રત્યે પણ ક્રૂર થવાની જ. દયા અને ક્રૂરતા આત્માના ગુણ છે. હિંસાનો ઉદ્‌ભવ માણસના મનમાં થાય છે.

મહાવીરે એ પણ અનુભવ્યું કે, સર્વ જીવ સમાન છે. કીડી અને કીટકનો આત્મા, મનુષ્યના આત્મા જેવો જ છે. આત્મા અનેક યોનિમાં ભટકે છે. જીવન એક છે, દેહ જુદા છે. પોતાના માની લીધેલા સુખ કે ભોગ માટે, કોઈ પણ જીવની હિંસા કરવાનો માનવીને અધિકાર નથી. માંસાહાર, શિકાર, મોજશોખ માટે હિંસા વગેરેનો વિરોધ જૈન ધર્મ જેટલો કોઈ ધર્મ નથી કર્યો. તેના મૂળમાં મહાવીરની અહિંસાની વ્યાપક ભાવના છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, સર્વ જીવનસભર છે. મહાવીરનું આવું દર્શન ૨૫૦૦ વર્ષ પૂર્વે અદ્‌ભુત હતું. વિજ્ઞાને હવે તે સિદ્ધ કર્યું છે. વર્તમાનમાં, બે મહાપુરુષોએ અહિંસાની આવી વ્યાપક ભાવના સ્વીકારી છે. ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ગાંધીજી. ગાંધીજીએ એક નવી શોધ જગતને ચરણે ધરી છે, તે છે અન્યાયનો અહિંસક પ્રતિકાર અથવા સત્યાગ્રહ. માનવવ્યવહારમાં ગાંધીજીએ હિંસાનો સર્વથા નિષેધ અથવા ત્યાગ બતાવ્યો છે. યુદ્ધનો પણ અહિંસક સામનો કરવો એવો તેમનો દૃઢ અભિપ્રાય હતો.

અહિંસાનું બીજું પાસું અભય છે. અહિંસક વ્યક્તિ પોતે નિર્ભય હોવી જોઈએ અને તેના તરફથી બીજાને અભય હોવું જોઈએ. અભયદાનને મહાવીરે શ્રેષ્ઠ દાન કહ્યું છે. પોતે ડરે નહીં અને બીજા કોઈને ડરાવે નહીં. ભય મૃત્યુ છે. પોતે ભયભીત રહેવું એ ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ છે. બીજાને ભયભીત રાખવા તે તેમનું ભાવમૃત્યુ કરવા બરાબર છે.

અહિંસાનું બીજું લક્ષણ સમતા અને સમભાવ છે. મહાવીરનો ધર્મ સમતાનો ધર્મ છે. તેમાં મતાગ્રહ કે દુરાગ્રહને સ્થાન નથી. દુરગ્રહ માનસિક હિંસા છે. આવી સમતા અથવા સમભાવનું બીજું નામ અનેકાન્ત છે. સંઘર્ષનું મૂળ મતાગ્રહ છે. હું કહું છું તે જ સાચું અને બધાએ તે સ્વીકારવું જોઈએ તેમાં પોતાના પ્રત્યે અને બીજાના પ્રત્યે હિંસા રહી છે. અહિંસા અંતરની ઉદારતા છે. પોતાના વિચારમાં મક્કમ અથવા સ્થિર રહેવા છતાં, બીજાના પ્રત્યે ઉદાર રહેવું એ અહિંસાની સાધના છે, ગીતામાં કહ્યું છે, समत्वम् योगमुच्यते । સમતા એ યોગ છે, સમાધિ છે. સ્થિતિપ્રજ્ઞતા છે. અહિંસા વિના આવી સમતા આવતી નથી.

આવી સમતાનાં અવરોધક બે બળો છે. કામસુખોપભોગની લાલસા, વિષયાસક્તિ અને તૃષ્ણા અથવા પરિગ્રહ લાલસા અને સંગ્રહવૃત્તિ.

તેથી મહાવીરે સંયમ, તપ અને અપરિગ્રહ અથવા પરિગ્રહ પરિમાણને સાધનાનાં મહત્ત્વનાં અંગ બતાવ્યાં છે.

સ્વચ્છંદ એ જીવની પ્રકૃતિ છે. વાસનાઓ અને ઈન્દ્રિયો મનને જોર કરી ખેંચી જાય છે. ચંચળ મન દુર્દમ્ય છે. મહાવીરે કહ્યું છેઃ રણમાં હજારો યોદ્ધાઓને જીતવા તેના કરતાં પોતાની જાતને જીતવી વધારે અઘરું છે. મહાવીરે સંયમને જ ધર્મ કહ્યો છે. પોતાની જાત ઉપર જેને કાબૂ નથી એવા સ્વચ્છંદી માણસનું જીવન-રેતીના કણ કણ પેઠે વેરવિખેર થઈ જાય છે. બહારનું દબાણ-ભયથી કે લાલચથી - અંતે નિષ્ફળ જાય છે. સાચું અનુશાસન અંતરનું જ હોય, સંયમ એટલે વિવેક અને સતત જાગૃતિ. વર્તમાન જીવનમાં સંયમનો અભાવ અને સ્વચ્છંદનો અતિરેક વ્યાપ્યો છે. પરિણામ ભયંકર માનસિક અશાંતિ. વર્તમાન જીવનમાં વિજ્ઞાને આપેલા સાધનો અને શક્તિને કારણે, વ્યક્તિની અને સામૂહિક રીતે પ્રજાઓની પરિગ્રહતૃષ્ણાં અનંત બની છે. પરિણામે મહાયુદ્ધનો જન્મ થાય છે.

મહાવીરનો ધાર્મ-અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહનો, સંયમ અને તપનો વર્તમાનના સંદર્ભમાં અને સદાકાળ સાચા સુખ અને શાંતિનો એક માત્ર માર્ગ છે. મહાવીરે કહ્યું છે કે, આવો ધર્મ એ જીવનનું ઉત્કૃષ્ટ મંગળ છે.

# રજિ. કો-ઑપ. સોસાયટીમાં વૈકલ્પિક નોમિનેશન કાયદેસર કરવું જોઈએ

■ કિશોર એમ. શાહ (સોલિસિટર)

- દરેક રજિસ્ટર્ડ કો-ઑપ. સોસાયટીમાં જે વ્યક્તિનાં નામ પર શૅર સર્ટિફિકેટ હોય એને તેના કાયદેસરના વારસદારના નામ પર નોમિનેશન કરવાનો હક છે. આને માટે થઈને કો-ઑપ. સોસાયીના કાયદા પ્રમાણે ફોર્મ નં. ૧૪ હેઠળના બાય-લૉઝ નં. ૩૨ નોમિનેશન કરી શકે છે. નોમિનેશન ફોર્મ ટ્રિપ્લિકેટમાં ફાઈલ કરવાનું હોય છે. પહેલી બે કોપી સોસાયટી લઈ લે છે અને ત્રીજી કોપી સોસાયટીનાં સેક્રેટરી રબર સ્ટેમ્પ મારીને આપે છે. ત્યાર પછી તે નોમિનેશન મૅનેજિંગ કમિટીની મિટિંગમાં મુકાય છે અને જે મૅનેજિંગ કમિટીની મિટિંગમાં તે નોમિનેશન પાસ થયું હોય તેની તારીખ પણ લખવી પડે છે અને ત્યાર પછી તે નોમિનેશન રજિસ્ટર્ડમાં તેની એન્ટ્રી કરવી પડે છે અને તે રેસોલ્યુશનનો સિરિયલ નંબર અપાય છે કે જે બહુ મહત્ત્વનો છે. નોમિનેશન કરવાથી જેની તરફેણમાં નોમિનેશન કરાયું હોય તેનો કોઈ જાતનો કાયદેસરનો હક થતો નથી અને જે વ્યક્તિએ નોમિનેશન કરેલું હોય અને સંજોગો બદલાય તો જૂનું નોમિનેશન કેન્સલ કરીને નવું નોમિનેશન પણ કરી શકે છો. નોમિનેશન કરવાનો મોટામાં મોટો ફાયદો એ છે કે નોમિનેશન બધી રીતે કાયદેસર હોય અને તે વ્યક્તિ ગુજરી જાય તો સોસાયટી ફ્લેટ ટ્રાન્સફર કરવા માટે તેની પાસેથી પ્રોબેટ માગી શકતા નથી.

નોમિનેશનમાં વૈકલ્પિક નોમિનેશનની શું કામ જરૂર પડે છે?

સામાન્ય રીતે પતિના નામ પર ફ્લેટ હોય અને તેણે પત્નીનાં નામ પર નોમિનેશન કરેલું હોય, પરંતુ મોટામાં મોટો પ્રશ્ન ત્યારે થાય છે કે કોઈ પણ અકસ્માતમાં બન્ને જણા જો એકસાથે ગુજરી જાય તો શું કરવું? આવા સંજોગોમાં સોસાયટીમાં વૈકલ્પિક નોમિનેશન કરેલું હોય એટલે કે પતિએ પત્નીની તરફેણમાં નોમિનેશન કરેલું હોય તે ઉપરાંત એ જ નોમિનેશન ફોર્મમાં બીજો ક્લોઝ એ પ્રમાણે લખવો કે કોઈ પણ સંજોગોમાં પતિ અને પત્નીનું કોઈ અકસ્માતમાં એકસાથે મૃત્યુ થઈ જાય એવા સંજોગોમાં જ બીજો વૈકલ્પ અમલમાં આવશે.

ઘણી સોસાયટીના સેક્રેટરી કે હોદ્દેદારો આવું મહત્ત્વ નથી સમજતા કે વૈકલ્પિક નોમિનેશન પણ કાયદેસર છે અને સેકન્ડ વૈકલ્પ ફક્ત બન્ને વ્યક્તિ ગુજરી જાય તો જ અમલમાં આવશે. હમણાં હમણાં પ્લેનમાં અને ગાડીઓમાં એવા અકસ્માતો થયા છે કે જેમાં પતિ અને પત્ની બન્ને એકસાથે ગુજરી ગયા હોય અને તેમના છોકરા કે છોકરીઓ જ્યારે સોસાયટીમાં ફ્લેટ ટ્રાન્સફર કરવા માટે જાય છે ત્યારે પતિએ પત્નીના નામ પણ નોમિનેશન કરેલું હોય, પરંતુ બન્ને જણ એકસાથે ગુજરી ગયા છે એટલે છોકરા કે છોકરીના નામ પર ફ્લેટ ટ્રાન્સફર કરવા માટે સોસાયટી પ્રોબેટ માગી શકે છે.

આવા સંજોગોમાંથી બચવા માટે વૈકલ્પિક નોમિનેશન કરવાનો કાયદેસરનો હક ખાસ જરૂર છે.

# स्नेह दर्शन से सत्य दर्शन
## जीवन की यात्रा-महापुरुषों की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

ज्ञानीओं ने अपनी जीवन यात्रा में, चार दर्शन बताये - स्नेह दर्शन, शुभ दर्शन, सम्यग दर्शन, सत्य दर्शन । सत्य दर्शन याने केवल दर्शन ।

एक ताले की चाबी, जो हथोडी से बात कर रही थी, चाबी कहने लगी - में ताले को खोलती हूँ, हथोडी कहती है - में ताले को तोड़ सकती हूँ । हथोडी की जगह घर के एक कोने में हैं, चाबी की जगह अपनी जेब में । हथोडी कहने लगी - लोग मुझसे अपना काम निकाल लेते हैं और फिर मुझे, घर के एक कोने में फेंक देते हैं, चाबी तुझे क्यों लोग संभाल कर रखते है? चाबी कहने लगी - में ताले के हृदय में जाकर प्रेम से ताला खोलती हूँ और तुम ताले के सिर पर चोंट मार कर, ताले को तोड़ते हो । ताला जब चाबी से खुलता है, उसके बाद ताला चाबी से वापस बन्द हो सकता हैं, किन्तु हथोडी से टुटा ताला वापस दरवाजे पर नहीं लग सकता, यही फर्क हैं चाबी और हथौड़े में । चाबी का स्थान ताले के हृदय में तो, हथोडी की चोंट ताले के दिमाग पर, बुद्धि पर । ताले की चाबी में स्नेह के दर्शन होते है ।

एक अरब पति सेठ की पत्नी, उसके यहाँ एक नौकरानी थी, सेठ बड़ी कोठी में रहते थे । चालीस लाख की गाड़ी में घुमते थे, उनके घर बेटी की शादी का प्रसंग आया, सेठानी ने सोचा अपने घर बेटी की शादी है, शादी में काम वाली को गिफ्ट देना तो बनती है । वह चालीस लाख की गाड़ी में बैठकर, एक बड़े मॉल में जाती हैं, साड़ी देख रही हैं । दुकानदार ने देखा सेठानी बड़े घर से हैं, उसने बीस हजार की साड़ी से शरूआत की, सेठानी बोली - इससे कम कीमत की साड़ी दिखाओ, दुकानदार कम कीमत की साड़ी दिखाते-दिखाते एक हजार की साड़ी पर रूका । सेठानी बोली - नहीं इससे भी कम रेट की साड़ी चाहिये, दुकानदार ने ५०० रूपये की साड़ी दिखाई, वह सेठानी ने खरीद ली । अब दुकानदार सोचने लगा, बड़े घर से आयी सेठानी जो, चालीस लाख की गाड़ी में घुमती है और साड़ी ५०० रूपये की खरीदी । दुकानदार के गले बात नहीं उतर रही थी ।

दुकानदार ने सेठानी से पुछ लिया, आप बड़े घर से हो और आपने साड़ी ५०० रूपये की खरीदी क्या बात हैं । सेठानी ने बताया मेरे घर बेटी की शादी का प्रसंग हैं, मैंने यह साड़ी नौकरानी को गिफ्ट देने के लिये खरीदी हैं । सेठानी घर चली जाती है, कुछ दिन बाद कामवाली सोचती हैं, मैं जहाँ काम करती हूँ, उनकी बेटी की शादी हैं, तो मुझे मेरी हेसीयत के मुताबिक, गिफ्ट तो देनी ही चाहिये । यह सोच कर वह उसी दुकान पर, साड़ी खरीद ने जाती हैं, वह पैदल चल कर आई थई उसके पास पहने हुये कपडे मेले थे । नौकरानी ने दुकानदार को साड़डी दिखाने के लिये कहा, सेठ ने १०० रूपिये से १००० रूपये तक की साड़ी दिखायी । वह ओर ऊँची कीमत की साड़ी खरीदना चाहती थी, अन्त में उसने १५०० की साड़ी खरीदी । नौकरानी की पगार ५००० रूपये थी, हमें यह सोचना हैं अमीर कौन । पैसे से सेठानी अमीर थी किन्तु आत्मा से नौकरानी अमीर थी। यहाँ कामवाली के हृदय में स्नेह के दर्शन होते हैं । इसी स्नेह दर्शन से ही हम सम्यक दर्शन तक गति कर सकते हैं ।

एक पत्थर खदान से निकाला जाता हैं, उसी पथ्थर को शिल्प कार तराश कर, मूर्ति बनाते हैं और ऊस मूर्ति के, लाखों लोग दर्शन कर धन्य बनते हैं, किन्तु यह पथ्थर- खदान से निकलता हैं, तो उसे निकालने वाले लोग हाथ जोड़ते है ।

पत्थर भगवान नहीं है, किन्तु खदान से निकलने वाले पथ्थर की, पहले पूजा होती हैं, फिर मशीन पर लाया जाता हैं । यहाँ खदान में पड़ा, पत्थर हैं, यह वास्तविकता हैं, तो यह पत्थर भगवान भी बन सकता है । यह सम्भावना है, फिर भी व्यक्ति वास्तविकता को नहीं, अपितु सम्भावना को वन्दन करता हैं ।

एक व्यक्ति अपने परिचय के दुसरे व्यक्ति के घर पहुँचा, उसके घर का दरवाजा बंद था, बैल बजाई दरवाजा नहीं खुला । किन्तु दरवाजे के पास एक खिड़की थी, घर के अन्दर रहे व्यक्ति ने खिड़की खोली, आगन्तुक व्यक्ति परिचित था, उसने कहा आप रूके मैं आपके लिये पानी लेकर आता हूँ । दरवाजा नहीं खोला आगन्तुक व्यक्ति घर के बहार खड़ा राह देख रहा हैं और घर में रहने वाला व्यक्ति १० मिनीट तक पानी लेकर नहीं पहुँचा । आगन्तुक व्यक्ति के मन में १० मिनीट पहले शुभ भाव थे, किन्तु १० मिनीट तक मकान में रहने वाले व्यक्ति के बाहर न आने पर, उसके मन मैं अशुभ भाव पैदा हुये । वह उसके प्रति मन बिगाड़ कर उसे भला बुरा कहने लगा, कुछ समय पश्चात वह व्यक्ति आगन्तुक व्यक्ति के लिये शरबत लेकर आता हैं, दरवाजा खोलता हैं । शरबत का ग्लास उस व्यक्ति को देते हुये कहता हैं - मैंने जब खिड़की खोली, आपको देखा, आपका चेहरा मुरझाया हुआ था, इस लिये मैंने सोचा आपके लिये पानी नहीं, शरबत बना कर ले आऊँ, इस लिये मुझे आने में देर हो गयी । गलती से मैं आपके लिये, दरवाजा खोलना भूल गया था, अब आगन्तुक व्यक्ति के मन में पुनः शुभ भाव आये । मन के परिणाम शुभ-अशुभ होते ही रहते हैं, किन्तु व्यक्ति शुभ चिन्तन में डूबे और अशुभ चिन्तन से दुर रहे, तो शुभ दर्शन की प्राप्ति हो सकती है । स्नेह दर्शन और शुभ दर्शन सम्यग दर्शन को प्राप्त कराने वाला है ।

एक व्यक्ति कपड़ा लेकर दर्जी के पास जाता है और उसे कहने लगा - इसकी पेन्ट बनाना है एवं एक थेली भी बनाना हैं, क्योंकि मेरे पड़ोसी ने आपके यहाँ पेन्ट बनायीं थी तथा आपने बचे कपडे से थेली भी बना कर दी । इसी लिये में यहाँ आया हूँ, मुझे इस कपडे मैं थेली बनाना है और पेन्ट भी बनाना हैं । दर्जी ने कपड़ा माप कर देखा एवं उस व्यक्ति का माप देखा और दर्जी कहने लगा - इस कपड़े में आपकी पेन्ट ही बनेगी, थेली नहीं बनेगी, अब वह व्यक्ति जिद करने लगा, नही मुझे थेली भी चाहिये और पेन्ट भी चाहिए। व्यक्ति ने दर्जी से कहा थेली एवं पेन्ट दोनों बने तो मुझे बनवाना है । दर्जी ने कहा कपड़े को रख दो, अब दर्जी ने थेली और पेन्ट दोनों बनायी, किन्तु पहले थेली बनायीं और फिर पेन्ट बनायी । और उस व्यक्ति को दे दी, वह थेली ओर पेन्ट दोनों लेकर प्रसन्न मन से घर लौट जाता है वहाँ जाकर पेन्ट पहनकर देखता है, पेन्ट चड़ती नहीं है, दर्जी के पास जाकर वह झगडा करने लगता है ।

आज हमारी सोच भी कुछ ऐसी ही बन गयी हैं, पेन्ट बने या ना बने, मुझे थेली तो चाहिये ही । हमारे पूर्वज गरीब थे, किन्तु वे प्रसन्न थे, कम कमा कर सुखी थे । आज हमने पैसा बहुत कमाया, किन्तु प्रसन्नता खो दी । हमारा बड़ा नुकसान, प्रसन्नता खोने से हुआ, थेली बनाने में हमने पेन्ट खो दिया । पैसा बड़े या ना बड़े, हमे अपनी प्रसन्नता नहीं खोना हैं, हमारे शुभ भाव बने रहे, अशुभ भावो का हमे त्याग करना है, तभी हमे शुभ दर्शन की प्राप्ति होगी, शुभ दर्शन हमे, सम्यग दर्शन की प्राप्ति करायेगा और सम्यग दर्शन से ही हम सत्य दर्शन की ओर बड़ सकते है सत्य दर्शन याने केवल दर्शन ।

कृष्ण भगवान ने गोवर्धन पर्वत अपनी एक ऊँगली पर उठा लिया था । यह उनका पराक्रम था और दो ऊंगली से उन्होंने बांसुरी बजायी थी, यह उनका प्रेम था, स्नेह था । हमारी यात्रा स्नेह से चलकर, शुभ में होती हुयी, समकित को प्राप्त राये और समकित सत्य दर्शन से केवल दर्शन की अवश्य प्राप्ति करायेगा, यही केवल दर्शन हमारी आत्मा में पड़ा है जो हमे एक दिन अवश्य परमात्मा बनाने में सहायक होगा ।

# જીવનવ્યવહારમાં સફળ થવા દક્ષતા

■ હરિભાઈ કોઠારી

चलत्येकेन पादने तिष्ठत्यन्येन पंडित:
नापरीक्ष्य परंस्थानं पूर्वमायतनं त्यजेत्

**ડાહ્યો માણસ એક પગથી ચાલે છે અને બીજા પગથી ઊભો રહે છે. એથી બીજું સ્થાન જાણ્યા કે પામ્યા વગર પહેલું સ્થાન છોડવું નહીં.**

આમ તો પ્રત્યેક માણસ એક પગે જ ચાલે છે. એકસાથે બંને પગ કોઈ નથી ઉપાડતું અને એમ કરનાર માણસ ગડથોલિયું ખાઈ જાય છે એ સર્વવિદિત બાબત છે, પરંતુ ઉપરોક્ત શ્લોકમાં સુભાષિતકાર ડાહ્યા અને સમજુ માણસનું વર્ણન કરે છે. જીવનમાં કોઈ પણ કદમ ઉઠાવતી વખતે માણસે સાવધાન રહેવું જોઈએ. જીવનવ્યવહારમાં સફળ થવા માટે દક્ષતા ખૂબ જ જરૂરી છે. સમજ્યા વગર આંધળૂકિયાં કરનાર માણસ 'अतो भ्रष्ट: ततो भ्रष्ट:' થઈ જાય છે. 'ધોબીનો કૂતરો ન ઘરનો કે ન ઘાટનો' એવી તેની હાલત થાય છે.

'दृष्टिपूतं न्यसेत्पादम्'-માણસે જોઈ-વિચારીને પગલું ભરવું જોઈએ. સામાન્ય રીતે સ્થાનને લીધે માણસની કિંમત હોય છે. એથી કોઈ પણ સ્થાન છોડતાં પહેલાં માણસે બીજું યોગ્ય સ્થાન શોધી લેવું જોઈએ. બીજું સારું ઘર મળી જશે એમ માનીને માણસ જૂનું ઘર છોડી દે અને પછી તદ્દન બેઘર બનીને ભટકતો રહે એવું ઘણા લોકોનું થાય છે. અંગ્રેજી ભાષામાં એક કહેવત છેઃ 'ઝાડ પર રહેલાં બે પક્ષીઓ કરતાં હાથમાં રહેલું એક પક્ષી વધારે સારું છે.' (અ બર્ડ ઈન હેન્ડ્ઝ ઈઝ બેટર ધેન ટુ ઈન બુશ.) બીજા મકાનની પાકી વ્યવસ્થા કરીને, કબજો લઈને પછી જ માણસે પહેલું મકાન છોડવું જોઈએ.

નોકરીની બાબતમાં પણ એવું જ છે. બીજી સારી નોકરી મળી જશે એવી ભ્રાન્ત માન્યતાના આધારે ઘણા લોકો પોતાની નોકરી છોડી દે છે અને પછી બેકાર રખડતા જોવા મળે છે. બીજી નોકરીનો નિયુક્તિપત્ર (એપોઈન્ટમેન્ટ ઑર્ડર) મેળવીને જ માણસે પહેલી નોકરીમાંથી રાજીનામું આપવું જોઈએ. વ્યાવહારિક નૈપુણ્ય ન હોય તો માણસ સ્વસ્થ જીવન જીવી ન શકે.

કન્યાની પસંદગીના બારામાં પણ આવું જ થવું સંભવિત છે. એકાદ મનગમતી કન્યા ચોક્કસ 'હા' જ પાડશે એવા મનોરાજ્યમાં વિહરતા ઘણા યુવાનો બીજી અનેક કન્યાઓનો અસ્વીકાર કરતા જોવા મળે છે. પછી તેમણે મનમાં ધારેલી કન્યા જ્યારે 'ના' પાડી દે ત્યારે એ વાતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવીને ઉતાવળમાં આડાઅવળા ગમે ત્યાં ગોઠવાઈ જાય છે. માણસે આ બાબતમાં અગાઉથી પૂરેપૂરી ચોકસાઈ કરી લેવી જોઈએ, નહીં તો મનની વાત મનમાં જ રહી જાય એવી પરિસ્થિતિ સર્જાતાં ઘણા યુવાનો મોઢું વકાસતા રહી જાય છે.

*હૈયા કેરી વાત હોઠ પર તો લાવવી હતી,*
*શરમમાં હું રહી ગયો, એ હાથતાળી દઈ ગઈ.*

સંસાર છોડતી વખતે પણ આવી જ જાગૃતિ અપેક્ષિત છે. વિરક્તિના બે અર્થ છે. એક તો પ્રભુ પ્રત્યે વિશેષ અનુરક્તિ અને બીજો અર્થ છે સંસાર પ્રત્યે વિગત અનુરક્તિ. પ્રભુમિલનનો આનંદ જેણે માણ્યો હોય તેનો સંસારનો સંગ સહજમાં છૂટી જાય.

*રંગ લાગ્યો કનૈયા મને તારો, જગત બધું ઝાંખું દીસે,*
*તારા પ્રેમનો પ્રસાદ મેં તો ચાખ્યો, વિષય રસ ફીકો દીસે.*

શ્યામસંગ પામીને જે શ્યામરંગે રંગાઈ ગયો તેને બીજા કોઈ જ સંગનો રંગ નથી લાગતો. 'પર સ્થાનં' એટલે કે શ્રેષ્ઠ સ્થાનને પામ્યા પછી 'અપરં સ્થાનં' અર્થાત્ હલકા સ્થાનની કામના કોણ કરે? જેમને હરિરસ નથી સાંપડયો અને સંસાર પ્રત્યેનો રસ ઊડી ગયો છે એવા અર્ધદગ્ધ સંન્યાસીઓ પોતે બગડે છે અને સમાજને પણ બગાડે છે. વિશ્વંભરને પામ્યા વગર વિશ્વને છોડનારા વિકૃતિને પામે છે.

ભારવિએ સાચું જ કહ્યું છે કે, 'કોઈ પણ કાર્ય એકાએક વગર વિચાર્યે કરવું નહીં, કારણકે અવિવેક એ આપત્તિઓ માટેનું મોટું સ્થાન બની રહે છે. ગુણોથી લોભાયેલી સંપત્તિઓ પોતે જ, વિચારીને કાર્ય કરનારનો સ્વીકાર કરે છે.' આદિ શંકરાચાર્યે પણ વિવેકને ગુણોનો ચૂડામણિ કહ્યો છે.

# લગનઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | હેમલ જશ્વન્ત લાઠીયા, ૨૨-૯-૧૯૮૪, ૬'-૦''<br>B.EIT.,– | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જુનાગઢ - મુંબઈ | (ઘર) ૦૨૨૨૮૯૭૨૩૦૧<br>(મો) ૯૫૯૪૦૧૫૧૨૪ |
| ૨) | રાજ નરેશકુમાર શાહ, ૨૨-૫-૮૬, ૬'-૨''<br>C.A., B.com | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ - મુંબઈ | (ઘર) ૨૫૧૪૯૦૧૮<br>(મો) ૯૩૨૪૩૧૫૭૭૭ |
| ૩) | વિશાલ પંકજ શાહ, ૨૪-૮-૧૯૮૯, ૫'-૧૧''<br>B.E. Com. Sciences | પોરવાડ દેરાવાસી જૈન<br>અમલસાડ - વિલેપાર્લા | (ઘર) ૨૬૧૪૬૩૫૧<br>(મો) ૯૨૨૪૫૯૫૫૫૫ |
| ૪) | ચેતશ જગદીશ શાહ, ૧-૬-૧૯૮૬, ૬'૦૨''<br>B.Com, M.Com/MBA | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર - મુંબઈ | (ઘર) ૨૬૪૯૨૮૦૫<br>(મો) ૯૭૭૩૨૫૮૬૪૨ |
| ૫) | નિરવ ચન્દ્રકાન્ત શાહ, ૨૨-૯-૧૯૮૫, ૫'- ૧૦''<br>Inter 2nd Year | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>વલ્લભીપુર -હૈદ્રાબાદ | (ઘર)૦૪૦-૬૬૨૫૬૪૧૭<br>(મો) ૯૮૮૫૩૬૬૪૧૭ |
| ૬) | જીગર હર્ષદ શેઠ, ૬-૧૧-૧૯૮૯, ૫'- ૦૬''<br>B.Com, | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વલ્લભીપુર - બેંગલોર | (ઘર) ૦૮૦૪૨૧૨૩૫૩૧<br>(મો) ૯૮૪૪૫૨૧૬૩૬ |
| ૭) | પ્રણય સંજય શાહ, ૩-૧૨-૧૯૮૮, ૫'૯''<br>M.Com., – | દેરાવાસી જૈન<br>અંબાસણ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૯૮૬૭૯૮૬૦૧૮ |
| ૮) | તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સેલ્સ મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૯) | વિરેન પ્રવિણચંદ્ર શાહ, ૧૫-૬-૧૯૭૭, ૫'- ૬''<br>B.Com, PGDCA, | ઝાલાવાડ દશા. સ્થા. જૈન<br>થાનગઢ - બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૧૦) | પરાગ હર્ષદરાય દફતરી, ૫-૫-૧૯૭૫, ૫'- ૭''<br>B.Sc, | દશા. સ્થા. જૈન<br>મોરબી - ડોંબીવલી | (ઘર) ૯૭૦૨૭૦૭૩૦૩<br>(મો) ૯૮૨૦૨૧૦૧૧૬ |
| ૧૧) | વિશાલ યશવંત મહેતા, ૧૩-૪-૧૯૮૬, ૫'- ૬''<br>B.Com, Software Diploma – નિર્દોષ છૂટાછેડા | દશા. સ્થા. જૈન<br>જોડીયા - કલકત્તા | (ઘર) ૨૪૯૯૬૫૫૦<br>(મો) ૯૮૩૬૮૪૭૦૮૪ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | ઝંખના ગિરીશ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩''<br>B.Com, / C.A. | સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૬૧૪૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૨) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | કેજલ મિલિંદ શાહ, ૧૩-૬-૯૧, ૫'-૨''<br>M.Com., (Service) | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વીછિયા (ગુજરાત) | (મો) ૯૯૬૭૪૩૩૩૯૭<br>(ઘર) ૦૨૨-૨૫૦૯૪૦૩૫ |
| ૪) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૫) | ક્રેશા હર્ષદભાઈ શાહ, ૨૧-૨-૧૯૮૬, ૫'-૨''<br>B.Com, MBA નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વલ્લભીપુર - સિકંદરાબાદ | (મો) ૦૪૦૨૭૫૩૪૪૧૯<br>(મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫ |
| ૬) | ડોલી હર્ષદભાઈ શાહ, ૧૮-૨-૧૯૮૯, ૫'-૬''<br>B.Com., MBA નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વલ્લભીપુર - સિકંદરાબાદ | (મો) ૦૪૦૨૭૫૩૪૪૧૯<br>(મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫ |

૭) [illegible] B.Com., [illegible] હાલ ઘાટકોપર (મો)
૯૮૨૧૨૭૭૧૨૭

એક માત્ર ટૂર કંપની “વર્ડ ઓફ માઉથ” થી પ્રગતી ના પંથે

# કુલીન કુમાર હોલીડેઝ




100% PURE VEG only

● ભારતીય રાજેસ્થાની નિશાંત જમવાનું બનાવા વાળા મહારાજ દ્વારા વિદેશમાં પણ ભારતીય ભોજનનો સ્વાદ. ● ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલવા વાળા ટુર લિડર ● ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ ● લકઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી ● વર્લ્ડ ક્લાસ એરલાઈન્સ માં મુસાફરી કોઈ પણ છુપાયેલા ખર્ચ નહીં.

**kulinkumarholidays**
family group tours

51/A, J.S.S. Road, Cutch Castle, Opera House, Mumbai - 4, (INDIA) | Tel. : +91-22-4355 5555 Toll Free : 1800 103 8055 | sales@kulinkumar.com www.kulinkumar.com | PUNE BRANCH : Tel. : +91-20-25537344 | AHMEDABAD BRANCH : Tel. : +91-79-40036900

IATA · TAAI · TAFI · 100% PURE NEW ZEALAND SPECIALIST GOLD 2017 · TOURISM AUSTRALIA · SOUTH AFRICAN FUNDI · Britain™ · Canada keep exploring™ · USA

Advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/9/2017
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018




Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**

Advt.